વર્ષ : ૩૮ ◆ અંક : ૯
સપ્ટેમ્બર - ૨૦૧૪

Retail Price Rs. 5/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર




શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વ મહોત્સવની આરાધના વેળાની તસવીરો
(તા. ૨૨-૮-૨૦૧૪ થી તા. ૨૯-૮-૨૦૧૪)



પૂજ્યશ્રીની પાવનનિશ્રા



આદ. શ્રી ઉત્તમભાઈ શાહ

## સ્વાધ્યાયકારો - લાક્ષણિક મુદ્રામાં



પૂજ્ય બહેનશ્રી



આદ. શ્રી અશોકભાઈ શાહ



આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર



આદ. શ્રી પ્રવીણભાઈ મહેતા



બા. બ્ર. આદ. શ્રી સુરેશજી



બા. બ્ર. આદ. શ્રી અલકાબેન

## ભક્તિસંગીતની વેળાએ



પૂ. પ્રમુખસ્વામીના આજ્ઞાનુવર્તી સંતો





સાધક - ભક્તવૃંદ, કોબા

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્‌ રાજચંદ્રજી ..... ૫

(૨) જીવનનો સર્વાંગી વિકાસ .. પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) સંજોગ નહીં, સ્વભાવ બદલો ...............
..................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન .................
..................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો ... પૂજ્ય બહેનશ્રી .... ૧૬

(૬) શ્રી આનંદઘન ચોવીશી . શ્રી અશોકભાઈ શાહ .... ૧૯

(૭) સમ્યગ્‌દર્શન .............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૩

(૮) દિવાળી ............. શ્રી ભાનુબેન ડી. શાહ .... ૨૫

(૯) પુસ્તક સમાલોચના ...... શ્રી મિતેશભાઈ શાહ .... ૨૮

(૧૦) બાળવિભાગ ........... શ્રી મિતેશભાઈ શાહ .... ૨૯

(૧૧) Yuva Times .......................................... ૩૦

(૧૨) જીવનમાધુર્ય - દિવાળી પુસ્તિકા ................. ૩૨

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૫

(૧૪) 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્યોને નિવેદન ........ ૪૨



**વર્ષ : ૩૮ સપ્ટેમ્બર, ૨૦૧૪ અંક - ૯**



**શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org



**-: પ્રેરક :-**

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**

**શ્રી મિતેશ એ. શાહ**

**-: સ્વત્વાધિકારી :-**

**શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**

**શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

**-: લવાજમ શ્રેણી :-**

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

\$-80, £-60

આજીવન : Rs. 15000

\$-300, £-220

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે, અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.

આપના આ શબ્દોથી આપની ઉત્કૃષ્ટ આત્મદશાનો ખ્યાલ આવે છે. સાથે સાથે અમને અમારી ક્ષુદ્રતા અને પામરતાનો પણ ખ્યાલ આવે છે. કારણકે અમને તો 'હું શુદ્ધાત્મા છું' એમ સંભારવું પડે છે. અમારું જીવન તો એવા પ્રવાહમાં વહી રહ્યું છે કે 'શરીર જ હું' એ માન્યતામાંથી છૂટવું પણ કેટલીકવાર મુશ્કેલ થઈ જાય છે. અમારી આવી દશા છતાં પણ અમને આપના જેવા બનવાની અભિલાષા થઈ છે એ કેટલું આશ્ચર્યકારક છે !

એક બિંદુને સિંધુ બનવાનું મન થયું છે ! આગિયાને સૂર્ય સમાન તેજસ્વી થવાની તમન્ના જાગી છે ! પૃથ્વીને આકાશના તારા તોડવાનું મન થયું છે !

પહેલાં અમે કહેતા હતા કે "ક્યાં તમે અને ક્યાં અમે ?" પરંતુ હવે અમને થાય છે કે જેવા આપ તેવા અમે પણ બનીએ. પરંતુ આવું કઈ રીતે બની શકે ? અમને આપના વચન પર વિશ્વાસ છે. આપે કહ્યું છે કે, જેમને આપણે વંદન કરીએ છીએ તેમના ગુણો આપણામાં પણ આવે છે. શ્રી માનતુંગસૂરિજીએ પણ શ્રી ભક્તામર સ્તોત્રમાં કહ્યું છે કે, હે પ્રભુ ! આપની સ્તુતિ કરનારા જગતમાં આપના જેવા થાય છે, તેમાં આશ્ચર્ય શું છે ? તેથી અમને પણ અમારી અભિલાષા પૂર્ણ થશે જ એવી શ્રદ્ધા થઈ છે.

પહેલાં અમે કહેતા હતા કે,

ક્યાં તમે અને ક્યાં અમે ?

હવે અમે કહીએ છીએ કે, જ્યાં તમે ત્યાં અમે !

આપના સંતાનો અમે, માંગીએ એવું કે,

આપના આશીર્વાદથી, એવું જલ્દી બને.


॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૭૩

### મોક્ષસુખ



કેટલીક આ સૃષ્ટિમંડળ પર પણ એવી વસ્તુઓ અને મનેચ્છા રહી છે કે જે કેટલાક અંશે જાણતા છતાં કહી શકાતી નથી. છતાં એ વસ્તુઓ કંઈ સંપૂર્ણ શાશ્વત કે અનંત ભેદવાળી નથી. એવી વસ્તુનું જ્યારે વર્ણન ન થઈ શકે ત્યારે અનંત સુખમય મોક્ષ સંબંધી તો ઉપમા ક્યાંથી જ મળે ? ભગવાનને ગૌતમસ્વામીએ મોક્ષના અનંત સુખ વિષે પ્રશ્ન કર્યો ત્યારે ભગવાને ઉત્તરમાં કહ્યું, ગૌતમ ! એ અનંતસુખ ! હું જાણું છું; પણ તે કહી શકાય એવી અહીં આગળ કંઈ ઉપમા નથી. જગતમાં એ સુખના તુલ્ય કોઈ પણ વસ્તુ કે સુખ નથી. એમ વદી એક ભીલનું દૃષ્ટાંત નીચેના ભાવમાં આપ્યું હતું.

એક જંગલમાં એક ભદ્રિક ભીલ તેના બાળબચ્ચાં સહિત રહેતો હતો. શહેર વગેરેની સમૃદ્ધિની ઉપાધિનું તેને લેશ ભાન પણ નહોતું. એક દિવસે કોઈ રાજા અશ્વક્રીડા માટે ફરતો ફરતો ત્યાં નીકળી આવ્યો. તેને બહુ તૃષા લાગી હતી. જેથી કરીને સાન વડે ભીલ આગળ પાણી માગ્યું. ભીલે પાણી આપ્યું. શીતળ જળથી રાજા સંતોષાયો. પોતાને ભીલ તરફથી મળેલા અમૂલ્ય જળદાનનો પ્રત્યુપકાર કરવા માટે થઈને ભીલને સમજાવીને સાથે લીધો. નગરમાં આવ્યા પછી ભીલે જિંદગીમાં નહીં જોયેલી વસ્તુમાં તેને રાખ્યો. સુંદર મહેલમાં, કને અનેક અનુચરો, મનોહર છત્રપલંગ અને સ્વાદિષ્ટ ભોજનથી મંદ મંદ પવનમાં સુગંધી વિલેપનમાં તેને આનંદ આનંદ કરી આપ્યો. વિવિધ જાતિનાં હીરામાણેક, મૌક્તિક, મણિરત્ન અને રંગબેરંગી અમૂલ્ય ચીજો નિરંતર તે ભીલને જોવા માટે મોકલ્યા કરે; બાગબગીચામાં ફરવા હરવા મોકલે. એમ રાજા તેને સુખ આપ્યા કરતો હતો. કોઈ રાત્રે બધાં સૂઈ રહ્યાં હતાં ત્યારે તે ભીલને બાળબચ્ચાં સાંભરી આવ્યાં એટલે તે ત્યાંથી કંઈ લીધા કર્યા વગર એકાએક નીકળી પડ્યો. જઈને પોતાના કુટુંબીને મળ્યો. તે બધાંએ મળીને પૂછ્યું કે તું ક્યાં હતો ? ભીલે કહ્યું, બહુ સુખમાં. ત્યાં મેં બહુ વખાણવા લાયક વસ્તુઓ જોઈ.,

કુટુંબીઓ - પણ તે કેવી ? તે તો અમને કહે.

ભીલ - શું કહું, અહીં એવી એક્કે વસ્તુ જ નથી.

કુટુંબીઓ - એમ હોય કે ? આ શંખલા, છીપ, કોડાં કેવાં મજાનાં પડ્યાં છે ! ત્યાં કોઈ એવી જોવા લાયક વસ્તુ હતી ?

ભીલ - નહીં, નહીં ભાઈ, એવી ચીજ તો અહીં એક્કે નથી. એના સોમા ભાગની કે હજારમાં ભાગની પણ મનોહર ચીજ અહીં નથી.

કુટુંબીઓ - ત્યારે તો તું બોલ્યા વિના બેઠો રહે, તને ભ્રમણા થઈ છે; આથી તે પછી સારું શું હશે ? **(અનુસંધાન પાના નં. ૮ પર...)**

# જીવનનો સર્વાંગી વિકાસ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિમાં કહ્યું છે કે, ''કર વિચાર તો પામ.'' તેને પ્રયોગાત્મક રીતે આપણા જીવનમાં ચરિતાર્થ કેવી રીતે કરવું તેનો આપણે વિચાર કરીએ. આર્ય પરંપરાઓમાં તીર્થંકરોએ, ઋષિ-મુનિઓએ તથા જ્ઞાનીઓએ ચાર પુરુષાર્થ કહ્યાં છે : (૧) ધર્મ, (૨) અર્થ, (૩) કામ, (૪) મોક્ષ. તેમાંથી આપણે વચ્ચેના બે પુરુષાર્થ વિશે પ્રથમ વિચાર કરીશું અને છેલ્લા બે પુરુષાર્થ આમ તો એક જ છે પણ આપણા જેવા ઓછી બુદ્ધિવાળાને વિશેષ સમજાવવા માટે ભગવાને તેને જુદા કરીને કહ્યાં છે કારણકે તેમાં કાર્ય - કારણ સંબંધ છે.

### (૧) અર્થ પુરુષાર્થ :

આપણું તથા આપણા કુટુંબીજનોનું ભરણ-પોષણ કરવા માટે આજીવિકાની પ્રાપ્તિના પુરુષાર્થને અર્થ પુરુષાર્થ કહે છે.

બધાને આ અર્થરૂપી પુરુષાર્થ કરવો જ પડે એવું કાંઈ જરૂરી નથી કારણકે,

''જિનધરી બાલક પણે દીક્ષા કમઠ માન વિદાર કે
શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર કે, પદ મૈ નમું શિર ધાર કે.''

**- શ્રી પરમાત્મ સ્તુતિ**

ભગવાને આજીવન અર્થપ્રાપ્તિ માટે કોઈપણ પુરુષાર્થ કર્યો નથી તથા વર્તમાનમાં વિવેકાનંદજીએ પણ તેમના જીવનમાં અર્થપ્રાપ્તિ અર્થે થોડો પુરુષાર્થ કર્યો પણ વિશેષ પુરુષાર્થ કર્યો નથી. તેમની આર્થિક સ્થિતિ અત્યંત કફોડી હતી ત્યારે તેઓ શ્રીરામકૃષ્ણ પરમહંસ પાસે ગયા અને તેમને વિનંતી કરી હતી કે આપના ઈષ્ટ શ્રી મહાકાળી માતાને જો આપ કહો તો તેઓ બધાની મનોકામના પૂરી કરે છે, તો શું મારી થોડી જરૂરિયાત પૂરી કરી આપશે ? ત્યારે શ્રી રામકૃષ્ણજીએ કહ્યું કે જરૂર જાઓ અને તમને જે જોઈએ તે માગો. નરેન્દ્ર મંદિરમાં જાય છે. માતાજીના દર્શન કરે છે પણ તેમનો જીવ પૂર્વભવોનો સંસ્કારી હોવાથી આજીવિકા અર્થે માગવાનું ભૂલી જાય છે અને કહે છે કે મને શાંતિ આપો, જ્ઞાન આપો, મને સૌ જીવો પ્રત્યે મૈત્રીભાવ આપો. શ્રી રામકૃષ્ણજીએ કહ્યું કે ભાઈ ! જે જોઈએ તે માગી લીધું ત્યારે નરેન્દ્રએ કહ્યું કે અરે ! જે જોઈએ છે તે માગવાનું તો હું ભૂલી ગયો અને બીજું જ માગી લીધું ! ત્યારે શ્રી રામકૃષ્ણ તેમને ફરી અંદર માતાજી પાસે મોકલે છે અને ફરી તેઓ જુદું જ માગી લે છે. આવું બે-ત્રણ વાર થયું. કહેવાનો મતલબ એ છે કે તેઓ આ પૃથ્વી પર જુદું કાર્ય કરવા માટે જન્મ્યા હતા. એટલે માતાજી પાસે સદ્‌ગુણો સિવાય કાંઈ માગી શક્યા જ નહિ, અને આપણે છેલ્લા ૧૫-૨૦ વર્ષથી ભગવાનનું નામ જ ભૂલી ગયા છીએ ! સવારના આઠ વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી કમાવા સિવાય આપણને બીજો કોઈ ધંધો સુઝતો નથી ! જીવનમાં આજીવિકા અર્થે દરરોજના લગભગ ૮ કલાક કામ કરીએ તે સમીચીન કહેવાય. અર્થોપાર્જનમાં પણ આપણે કોઈને છેતરવા જોઈએ નહિ. કોઈનો વિશ્વાસઘાત કરવો જોઈએ નહિ, ખરાબ માલ આપવો જોઈએ નહિ તથા ૮ કલાકનો પગાર લઈ બે કલાક કામ કરવું

જોઈએ નહિ કારણ કે મફતનું ખાય તે હરામખોર કહેવાય માટે પ્રામાણિકતાથી આપણે આપણી ફરજ બજાવવી જોઈએ. આજકાલ તો બહેનો પણ વ્યવસાય કરવા લાગ્યા છે. તો જો પૈસાની ઘણી ખેંચ પડતી હોય તો થોડો સમય ભલે કમાવા માટે જાય, પણ આખી જિંદગી કમાવા પાછળ ખર્ચવી જોઈએ નહિ. બાળકોને આપણે માત્ર શિક્ષણ આપીએ તે જ પૂરતું નથી કારણકે,

"ગણતર વગરનું ભણતર,
જીવનનું ચણતર કરતું નથી."

સંસ્કાર વિના કાંઈપણ કરવામાં આવે તેનાથી જીવન સુખી બનશે નહિ. જીવનમાં સદ્‌ગુણો અને સાચી શાંતિની પ્રાપ્તિ થાય તે અર્થે પ્રયત્ન કરવાં જોઈએ. માટે તમે જેટલો પુરુષાર્થ બાળકોને ભણાવવા અને કમાવાનો કરો છો, કમસે કમ તેનાથી ૫૦% પુરુષાર્થ બની શકે તો તેમને સંસ્કાર આપવા માટે કરવો. પ્રેમ, શાંતિ વધે તે માટે સાથે જમવું, સાથે પ્રાર્થના કરવી, ભક્તિ કરવી, સાથે ફરવા જવું તથા દરરોજ સાથે બેસીને થોડો સમય ઘરસભા (ઘરના સભ્યોએ સાથે મળીને સત્સંગ, ધર્મવાર્તા) કરવી; જેથી હૃદય ખોલીને એકબીજા સાથે વાતચીત કરી શકાય તથા કંઈ સમસ્યા હોય તો તેના વિશે ચર્ચા કરી શકાય. આમ, યથાશક્તિ આપણે અર્થરૂપી પુરુષાર્થની મર્યાદા કરવી જોઈએ.

## (૨) કામરૂપી પુરુષાર્થ :

આપણી પાસે જે સંપત્તિ, સંસ્કાર કે સારી વસ્તુ હોય તે શરીરના મૃત્યુ પછી જો કોઈને સોંપીને જઈએ તો તે સારી વસ્તુની પરંપરા ચાલુ રહે છે. તેમ સદ્‌વિચાર, સત્‌કાર્ય, સદાચારની પરંપરા ચલાવવી અને તે સંતતિ દ્વારા થઈ શકે છે માટે જ્ઞાનીઓએ ગૃહસ્થાશ્રમની વ્યવસ્થા પણ કહી છે. લગ્ન એ એક સંસ્કાર છે કે જેના દ્વારા સદાચાર, સંસ્કાર, સારા મંદિરો, સારું સાહિત્ય એની પરંપરા ચાલી શકે છે અને તે દ્વારા સમાજમાં શાંતિ અને સારી વસ્તુઓનો પ્રચાર-પ્રસાર થાય છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે એટલે તે એકલો રહેતો નથી. તેને સમાજની જરૂર હોય છે; જેમાં દાદા, દાદી, માતા, પિતા, દીકરો, દીકરી વગેરે સ્વજનોની સાથ તે રહેતો હોય છે પણ અત્યારે સમસ્યા એ છે કે એકલા ગમતું નથી અને બીજા કોઈની સાથે ફાવતું નથી ! તો તેનું જીવન જાય કેવી રીતે ? એટલે આપણે આપણા જીવનમાં 'ચાલશે, ફાવશે, ભાવશે, ગમશે' એ સૂત્ર અપનાવવું જોઈએ તથા મૈત્રી, કરુણા, ગુણપ્રમોદ અને મધ્યસ્થ ભાવના ભાવવી જોઈએ. પરિવારમાં મોટાઓએ વિશાળ હૃદય રાખી નાનાઓની જે ભૂલ હોય, ક્ષતિ હોય તેની ઉપેક્ષા કરવી જોઈએ. પછી થોડા કલાક બાદ શાંતિથી, પ્રેમથી તેને સમજાવવું જોઈએ તથા નાનાઓએ પણ મોટાની વાત ભલે ન ગમે તો પણ તેને વિચારવી જોઈએ અને તેમનું માન રાખવું જોઈએ. આને સંયુક્ત કુટુંબ વ્યવસ્થા કહે છે. અત્યારે ધન વધતું ગયું તેમ તેમ હૃદય સાંકડું બનતું ગયું છે. તેને વિશાળ બનાવવા માટે એક ભક્તિગીતમાં કહ્યું છે કે,

"પ્રેમ કી ગંગા બહાતે ચલો,
ઔર જ્ઞાન કી ગંગા બહાતે ચલો."

જ્ઞાન એટલે સાચી સમજણ. સમાધાન કરાવે તેવી સમજણ. અર્થ અને કામરૂપી પુરુષાર્થને જ અત્યારે વર્તમાન દુનિયા માને છે. ધર્મરૂપી પુરુષાર્થ એ તો સાધુ-સંતો માટે છે અને 'મોક્ષ' એ તો કલ્પના માત્ર જ છે એવું તેઓ માને છે ! પણ ખરેખર એવું છે જ નહિ.

## (૩-૪) ધર્મ અને મોક્ષ :

પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'ધર્મ વિષે' કવિત્ત લખ્યા છે. આપણે એમ કહીએ કે અમે તો વિજ્ઞાનમાં જ માનીએ કે જે પ્રત્યક્ષ હોય. અમે પરોક્ષમાં માનતા નથી તો તેમના માટે શ્રીમદ્જી કહે છે કે,

ધર્મ વિના પ્રીત નહીં, ધર્મ વિના રીત નહીં,
ધર્મ વિના હિત નહીં, કથું જન કામનું;
ધર્મ વિના ટેક નહીં, ધર્મ વિના નેક નહીં,
ધર્મ વિના ઐક્ય નહીં, ધર્મ ધામ રામનું;
ધર્મ વિના ધ્યાન નહીં, ધર્મ વિના જ્ઞાન નહીં,
ધર્મ વિના ભાન નહીં, જીવ્યું કોના કામનું ?
ધર્મ વિના તાન નહીં, ધર્મ વિના સાન નહીં;
ધર્મ વિના ગાન નહીં, વચન તમામનું. (૫)

ધર્મ વિના માત્ર ટટ્ટાર બેસવાથી ધ્યાન થઈ શકતું નથી. તેના માટે વૈરાગ્ય, સત્સંગ, ભક્તિ, જ્ઞાન વગેરે જોઈએ તો સાચું ધ્યાન લાગે. આવો ધર્મ આપણા જીવનમાં આવે તો આપણું જીવન ધન્ય બની જાય, સફળ થઈ જાય.

આપણા જીવનના પ્રત્યેક કર્તવ્ય - ફરજો સમજણપૂર્વક અને પ્રેમપૂર્વક બરાબર બજાવીએ; નહિતર તે ઢસરડો છે, વૈતરું છે. સૌ સાથે પ્રેમથી વર્તવું. વિનય તથા ક્ષમા રાખવાં, કોઈને છેતરવાં નહિ, સંતોષ રાખવો, બહુ ધન કમાવા માટે ઝાંવા નાખવા નહિ. કરજ કરવું નહિ. ધર્મ વિશે આચાર્ય ભગવાને કહ્યું છે કે, 'ધર્મ: વસ્તુ સ્વભાવ: ।'

પરમાત્મા, સદ્ગુરુદેવ તથા તેમની અનુભવવાણી રૂપ સત્શાસ્ત્રોના સેવન દ્વારા સાચી શ્રદ્ધા કરવી, સાચી સમજણ કરવી તથા સાચું આચરણ કરવું. બધામાં એકસરખો આત્મરામ રહેલો છે એમ સમજી કોઈપણ જીવને મન, વચન, કાયાથી દુ:ખ દેવું જોઈએ નહિ. આ પ્રમાણે સમ્યક્ જીવન જીવવાથી ધીરે ધીરે આત્માની શ્રદ્ધા પાકી થાય છે અને આત્મા ઉપર લાગેલા કર્મોની નિર્જરા થવા લાગે છે અને અંતે સર્વ કર્મો ખરી જતા મોક્ષની પ્રાપ્તિ થાય છે. ■ ■ ■

## શ્રી સદ્ગુરુપ્રાસાદ

(પાના નં. ૫ પરથી ચાલુ...)

હે ગૌતમ ! જેમ એ ભીલ રાજવૈભવસુખ ભોગવી આવ્યો હતો તેમજ જાણતો હતો; છતાં ઉપમા યોગ્ય વસ્તુ નહીં મળવાથી તે કંઇ કહી શકતો નહોતો, તેમ અનુપમેય મોક્ષને, સચ્ચિદાનંદ સ્વરૂપમય નિર્વિકારી મોક્ષનાં સુખના અસંખ્યાતમા ભાગને પણ યોગ્ય ઉપમેય નહીં મળવાથી હું તને કહી શકતો નથી.

મોક્ષના સ્વરૂપ વિષે શંકા કરનારા તો કુતર્કવાદી છે; એઓને ક્ષણિક સુખસંબંધી વિચાર આડે સત્સુખનો વિચાર નથી. કોઈ આત્મિકજ્ઞાનહીન એમ પણ કહે છે કે, આથી કોઈ વિશેષ સુખનું સાધન ત્યાં રહ્યું નહીં એટલે અનંત અવ્યાબાધ સુખ કહી દે છે. આ એનું કથન વિવેકી નથી. નિદ્રા પ્રત્યેક માનવીને પ્રિય છે; પણ તેમાં તેઓ કંઈ જાણી કે દેખી શકતા નથી; અને જાણવામાં આવે તો માત્ર સ્વપ્નોપાધિનું મિથ્યાપણું આવે; જેની કંઈ અસર પણ થાય. એ સ્વપ્ના વગરની નિદ્રા જેમાં સૂક્ષ્મ સ્થૂલ સર્વ જાણી અને દેખી શકાય; અને નિરુપાધિથી શાંત ઊંઘ લઈ શકાય તો તેનું તે વર્ણન શું કરી શકે ? એને ઉપમા પણ શી આપે ? આ તો સ્થૂળ દષ્ટાંત છે; પણ બાલ, અવિવેકી એ પરથી કંઇ વિચાર કરી શકે એ માટે કહ્યું છે.

ભીલનું દષ્ટાંત, સમજાવવા રૂપે ભાષાભેદે ફેરફારથી તમને કહી બતાવ્યું.

● ● ●

પરમનો સ્પર્શ - ૬૦

# સંજોગ નહીં, સ્વભાવ બદલો !

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જિંદગી એક એવી હૉસ્પિટલ છે કે જ્યાં દરેક દર્દી પોતાનો પલંગ બદલવા માટે અતિ આતુર હોય છે. એ વર્તમાન જિંદગીથી પારાવાર કંટાળેલો છે. એને ચોતરફ ઘોર હતાશા જ દેખાય છે અને એમ માને છે કે જીવનમાં સઘળા કપરા સંજોગો એને ઘેરી વળ્યા છે.

કોઈને પત્ની પસંદ નથી, તો કોઈને નોકરી પસંદ નથી. કોઈને પિતા સાથે અણબનાવ છે, તો કોઈને જ્ઞાતિ સાથે ઝઘડો છે. આમ, દરેક માણસને એમ લાગે છે કે પોતે સાચો છે અને એનાં સઘળાં દુઃખનું કારણ એની આસપાસના વિપરિત, મુશ્કેલ કે ભાગ્યાધીન સંજોગો છે.

પરિણામે એ પરમાત્માને સતત પ્રાર્થના કરતો હોય છે કે, 'હે પ્રભુ ! મારા સંજોગો બદલી નાખ. મારી કર્કશા પત્નીનો સ્વભાવ તું રાતોરાત પલટી નાખ, મારા પિતા આજના જમાનાને અને આધુનિક વિચારોને સમજે એવું કંઈક જાદુ કર, નોકરીમાં પ્રમોશન પ્રાપ્ત થાય એવી પરિસ્થિતિનું નિર્માણ કર. બસ, તું સંજોગો બદલી નાખ એટલે મારું જીવન બદલાઈ જશે.'

વળી, એ પરમાત્માને કહેશે : 'આજે જે જીવન જીવી રહ્યો છું, એમાં ક્યાંય નિરાંત નથી. આ જીવન તો વેઠ કે વૈતરાં જેવું લાગે છે. રોજ શાંતિ માટે ઝંખના કરું છું અને એક પછી એક અશાંતિ ઊભી થતી જાય છે. હજી માંડ એક મુશ્કેલીમાંથી બહાર નીકળીને 'હાશકારો' લીધો ય ન હોય, ત્યાં સામે બીજી મુશ્કેલી ઊભી જ હોય છે. આમાંથી મને હે કૃપાનાથ ! મુક્ત કર !'

દરેક વ્યક્તિએ પરમાત્માને પોતાના સંજોગો બદલી નાખવા માટે પ્રાર્થના કરી હોય છે; પરંતુ એ પોતાની જાતને, સ્વભાવને કે જીવનશૈલીને બદલવા માટે તૈયાર હોતી નથી. પરિસ્થિતિ ક્યારેય બદલાતી નથી. તમારે બદલાવું પડે છે. આસપાસના સંજોગોમાં રાતોરાત કોઈ મોટું પરિવર્તન આવી જવાનું નથી. તમારે સ્વયં પરિવર્તન પામીને એ સંજોગો સમક્ષ જવાનું છે.

જીવનમાં પડકાર તો રહેવાના જ; પરંતુ ઈશ્વર એ પડકાર એટલા માટે મોકલે છે કે માનવી પોતાનું સુષુપ્ત ખમીર શોધી શકે. આજે તો એવું બને છે કે વ્યક્તિના જીવનમાં કોઈ મુશ્કેલી કે પડકાર આવે, ત્યારે તે ઈશ્વરને દોષ આપે છે. એણે સર્જેલા ભાગ્ય કે કરેલી કર્મોની સજાને કારણરૂપ ગણે છે. ઈશ્વરમાંથી એની સઘળી શ્રદ્ધા ચલિત થઈ જાય છે.

હકીકતમાં ઈશ્વર પરની દૃઢ શ્રદ્ધાની આ જ કસોટી છે અને એ ઈશ્વર જ મોકલતો હોય છે ! માટે આવી કસોટી કરવા માટે ઈશ્વરને દોષ દેવાનો કોઈ અર્થ નથી, બલ્કે ઈશ્વર આધારિત સાચી શ્રદ્ધા અને પરમ નિષ્ઠા સાથે આ કસોટીનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ.

પહેલી વાત એ છે કે સંજોગો બદલવા માટે તમારે બદલાવું પડશે અને એ માટે તમારે તમારી જાતને કેળવવી પડશે. કશુંક પ્રતિકૂળ થાય એટલે 'અપસેટ' થઈ જવાની આદત છોડવી પડશે. મોટાભાગની વ્યક્તિઓનું જીવન એવી રીતે વહેતું હોય છે કે એ હંમેશાં 'અપસેટ' જ હોય છે અને એનું કારણ એમની આસપાસની પરિસ્થિતિમાં રહેલું હોય છે. એમને ઘણીવાર એ અકળામણ હોય છે કે

કુટુંબીજનો એમની યોગ્ય સારસંભાળ લેતા નથી. રામો ન આવે તો એમનો 'મૂડ' ખરાબ થઈ જાય છે. ફ્રિજ બગડી જાય કે લાઇટ જતી રહે, તો એમના મન પર દુઃખનું આખું આકાશ તૂટી પડે છે ! આવે સમયે તમે બહારના સંજોગોને બદલી શકવાનાં નથી. તમારે તમારા મનને બદલવાનું છે.

એ મનને શાંત અને સ્વસ્થ રાખીને તમારે તમારું કામ આગળ ધપાવવાનું છે. એક શિક્ષક વર્ગમાં જાય, ત્યારે કોઈ વિદ્યાર્થી સહેજ તોફાન કરે અને જો એ ગુસ્સે ભરાઈને ગમે તેમ બોલવા લાગે, એના વિષયનું સાતત્ય તૂટી જાય, તો એ નિષ્ફળ જાય છે. એ શિક્ષક પાસે એટલી સ્વસ્થતા હોવી જોઈએ કે વિદ્યાર્થીની એ ટીખળને એવી રીતે લે કે જેથી એમના ચિત્તની શાંતિ કે સ્વસ્થતા જળવાઈ રહે, એ પોતાનો વર્ગ શાંતિથી લઈ શકે અને પોતાનો વિષય સરસ રીતે શીખવી શકે.

પરિસ્થિતિ પ્રત્યે તમારો પ્રતિભાવ કેવો છે તે ચકાસવું જોઈએ. તમારી આસપાસના પરિચિતોને જોશો તો તમને તરત ખ્યાલ આવશે કે આ વ્યક્તિને અમુક વાત કહીશું એટલે એનો અમુક જ પ્રતિભાવ આવવાનો. એ તરત ઉકળી જશે અથવા તો એ તત્કાળ એ વિષયમાં કોઈ નૅગેટિવ ટિપ્પણી કરશે. એવી જ રીતે ઘરમાં પત્ની કોઈ માગણી કરે અને તમારો વિચાર કોઈ બીજી વસ્તુ લાવવાનો હોય, તો એ વાતથી જ પત્ની 'અપસેટ' થઈ જશે. કેટલીક વ્યક્તિઓ તત્કાળ અકળાઈ જાય છે, ત્યારે કેટલીક વ્યક્તિઓ એ પ્રશ્નને શાંત રીતે સમજવાની કોશિશ કરે છે. તાત્કાલિક પ્રતિભાવ એ ઘણા સાંસારિક કલહનું કારણ છે.

કેટલીક બાબત એવી છે કે જેને તમે તમારા જીવનમાં બદલી શકતા નથી. તમને ભાઈ, બહેન, મમ્મી કે પપ્પા જે મળ્યાં હોય, તેનો સ્વીકાર કરવો જ રહે. હવે કોઈ બીજાના પપ્પાને જોઈને તમે એમ વિચારો કે મારા પપ્પા પણ આના જેવા હોત તો કેવું સારું ! પણ આવું બનવું શક્ય નથી. કોઈની મમ્મીમાં વધુ વાત્સલ્ય અને કાર્યકૌશલ જોઈએ, તે આપણી મમ્મીમાં પણ મળવાં જોઈએ એવું બનતું નથી. શરીર ખૂબ સ્થૂળ હોય અને દોડની સ્પર્ધામાં પ્રથમ નંબર આવવાની કલ્પના કરો, તો તે અશક્ય છે. મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં પણ પરાજય પામ્યા હો અને આવતે વર્ષે પ્રધાનમંત્રી બનવાનું સ્વપ્ન સેવો તે અશક્ય છે.

આમ, કેટલીક બાબતો કે વસ્તુઓ આપણે માટે શક્ય નથી જ એટલે એની ઝંખના રાખવાને બદલે એને ભૂલી જવી યોગ્ય છે. જેને તમે કોઈ કાળે બદલી શકતા નથી, એને બદલવાનો વિચાર છોડી દેજો. એને બદલે એના પ્રત્યે સ્વીકારભાવ રાખજો. જે છે એનો હસતે મોઢે સ્વીકાર કરીને જીવવાથી અભાવ કે અતૃપ્તિ તમને પજવશે નહીં અને તમે તમારી આસપાસની પરિસ્થિતિને વધુ સારી રીતે સમજી શકશો.

કેટલીક પરિસ્થિતિ એવી છે કે જેને તમે બદલી શકો છો. જેમકે, કાર્યક્રમમાં હંમેશાં મોડા પહોંચવાની આદત પડી ગઈ હોય તો તે સુધારી શકાય છે. વારંવાર અકળાઈ જવાનો સ્વભાવ થઈ ગયો હોય તો તે સ્વભાવને સ્વસ્થ રાખવાની તાલીમ આપી શકાય છે. કોઈના તરફ વેર બંધાયું હોય અને તેને કારણે રાત્રે ઊંઘ આવતી ન હોય તો મનને સમજાવી શકાય કે આવી રીતે ઉજાગરા કરવાથી વેરતૃપ્તિ નહીં થાય. દિવસના અંતે એમ લાગે કે ઘણાં કામ કરવાનાં હતાં અને ઘણાં રહી ગયા તો વહેલી સવારે એ કામોની 'પ્રાયોરિટી' પ્રમાણે યાદી કરીને એ કામો એક પછી એક પૂર્ણ કરવામાં આવે તો રાત્રે અસંતોષ નહીં રહે.

દિવસ દરમિયાન તમે એટલાં બધાં કામોનો

વિચાર કર્યો હોય, પણ હકીકતમાં આખા દિવસ દરમિયાન તમારી પાસે કામ કરવા માટે પાંચ જ કલાક હોય, તો તમારે એ સંજોગને સમજીને પાંચ કલાકના સમય પ્રમાણે કાર્યોનું આયોજન કરવું જોઈએ. જો એમ માનો કે ચોવીસ કલાક મારી પાસે છે અને એ રીતે કામનું આયોજન કરો, તો નિષ્ફળતા જ મળવાની. આમ, કેટલાક કપરાં સંજોગોને આપણે આપણી સૂઝબૂઝથી બદલી શકીએ છીએ અને એમાંથી યોગ્ય માર્ગ કાઢી શકીએ છીએ.

એ પછીની ત્રીજી બાબત એ જીવનમાં આવતાં પડકારની છે. આપણા પર કોઈપણ પડકાર આવે એટલે તરત રઘવાયા બની જઈએ છીએ અને પહેલો ઘા ઈશ્વર પર કરીએ છીએ કે ક્યાં છે એ ઈશ્વર, કે જે મને આટલો પરેશાન કરે છે? અને પછી તત્કાળ જાહેરનામું બહાર પાડીશું કે આ જગતમાં ઈશ્વર જેવું કંઈ નથી. જ્યાં સુધી પરિસ્થિતિ સાનુકૂળ હતી, ત્યાં સુધી આપણે ઈશ્વરને માનતા હતા અને જેવી પરિસ્થિતિ પ્રતિકૂળ થઈ એટલે ઈશ્વરના અસ્તિત્વનો જ આપણે છેદ ઉડાડી દઈએ છીએ. હકીકતમાં જીવનમાં આવતાં દુ:ખો, મુશ્કેલીઓ, આફતો કે પડકારની તપાસ કરો તો ખ્યાલ આવશે કે નેવું ટકા મુશ્કેલીઓના સર્જક આપણે સ્વયં છીએ. તમારા ગુસ્સાએ કોઈ વેર જગાડ્યું છે, તમારી વાસનાએ કોઈ વિપરીત સ્થિતિ સર્જી છે, તમારી લાલચે જ તમને કોઈ કૌભાંડમાં સંડોવ્યા છે.

બીજા કેટલાક શારીરિક દુ:ખ છે, જેને માટે વ્યક્તિએ ભય ત્યજીને જીવવું જોઈએ. આજે વ્યક્તિ કોઈને કોઈ રોગથી સતત ડરતી હોય છે. એટલું જ નહીં, પણ પરિચયમાં આવનારને પ્રથમ વાત જ એ કરતી હોય છે કે છેલ્લાં વીસ વર્ષથી એ ડાયાબિટિસથી પીડાય છે અથવા તો એને કૅન્સર થયું છે કે પછી એને પથરીનો દુખાવો રહે છે.

આજનો માણસ જેટલો રોગથી મરતો નથી, એટલો રોગ પ્રત્યેના એના વલણથી મરે છે. એનું વલણ એવું છે કે એ રોગને અટકાવવાને બદલે કે એનો સામનો કરવાને બદલે એમાં સતત વૃદ્ધિ કરતો રહે છે. એની પાસે 'ફિકરની ફાકી કરવાની' તાકાત હોતી નથી. સંતો અને મહાત્માઓના જીવનમાંથી આપણે એ જોઈ શકીએ છીએ કે એમને અત્યંત વેદનામય વ્યાધિઓ હોવા છતાં એ વ્યાધિની કશી ઉપાધિ કરી નહોતી; તેથી એમની પ્રસન્નતામાં સહેજે ફેર પડ્યો નહોતો.

■ ■ ■

## પ્રાર્થના

- સહજસુખ

**(રાગ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું)**

કલ્યાણ સદા હો સર્વ જીવોનું, એવી ભાવના હૃદય રહો,
કદી કોઈનું અહિત ન હોજો, જીવ માત્ર ને સુખ મળો;
સર્વ જીવોમાં પ્રભુને દેખું, એવું દર્શન થયા કરો,
હું શુદ્ધાત્મા પ્રતીતિ, અનુભવ, લક્ષ સદાયે રહ્યા કરો. (૧)

દોષિત કોઈ નહીં છે જગમાં, નિજના દોષો નજર પડો,
નિજના દોષે હું બંધાયો, હૃદયે એવી સમજ રહો;
જગ આખું યે નર્યો બગીચો, ગુણદષ્ટિનો યોગ રહો,
હું શુદ્ધાત્મા પ્રતીતિ, અનુભવ, લક્ષ સદાયે રહ્યા કરો. (૨)

ઋણાનુબંધના હિસાબ મારા, સમભાવે નિત હું ચૂકવું,
જેવો મારો અવાજ તેવો પડઘો પડશે - એ ધ્યાવું;
દેવું ચુકવવા દેહ મળ્યો છે, લેણ-દેણ નવી બંધ બનો,
હું શુદ્ધાત્મા પ્રતીતિ, અનુભવ, લક્ષ સદાયે રહ્યા કરો. (૩)

હું શુદ્ધાત્મા નિશ્ચય રહેજો, સંયોગો સહુ ખરી પડો,
હું શુદ્ધાત્મા પૂર્ણ સ્વરૂપે ક્રમે ક્રમે હવે વ્યક્ત બનો;
હું શુદ્ધાત્મા સ્વરૂપ મારું, મોક્ષપદે, પ્રભુ ! ગતિ રહો,
હું શુદ્ધાત્મા પ્રતીતિ, અનુભવ, લક્ષ સદાયે રહ્યા કરો. (૪)

**પ્રેષક : આદ.શ્રી વસંતભાઈ ખંધાર**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૧૯)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

નિર્મોહી નિઃસ્પૃહ યોગીશ્વર પરમકૃપાળુદેવ ઉપદેશ છાયા આંક-૧૨માં ફરમાવે છે,

“બધા કરતાં હું જગતમાં મોટો થાઉં” એવી મોટાઈ મેળવવાની તૃષ્ણામાં, પાંચ ઈન્દ્રિયોને વિષે લયલીન, મદ્ય પીધો હોય તેની પેઠે, ઝાંઝવાના પાણીની માફક સંસારમાં જીવ ભમે છે; અને કુળ, ગામ, ગતિઓને વિષે મોહના નાચવાથી નાચ્યા કરે છે ! આંધળો વણે અને વાછડો ચાવે તેની પેઠે અજ્ઞાનીની ક્રિયા નિષ્ફળ જાય છે. ‘હું કર્તા’ ‘હું કરું છું’ ‘હું કેવું કરું છું’ આદિ જે વિભાવ છે તે જ મિથ્યાત્વ. અહંકાર કરી સંસારમાં અનંત દુઃખ પ્રાપ્ત થાય; ચારે ગતિમાં રઝળે. કોઈનું દીધું દેવાતું નથી; કોઈનું લીધું લેવાતું નથી, જીવ ફોકટ કલ્પના કરી રઝળે છે. જે પ્રમાણે કર્મ ઉપાર્જન કરેલાં હોય તે પ્રમાણે લાભ, અલાભ, આયુષ, શાતા, અશાતા મળે છે. પોતાથી કાંઈ અપાતું લેવાતું નથી. અહંકારે કરી ‘મેં આને સુખ આપ્યું’; ‘મેં દુઃખ આપ્યું’; ‘મેં અન્ન આપ્યું’ એવી મિથ્યા ભાવના કરે છે, ને તેને લઈને કર્મ ઉપાર્જન કરે છે. મિથ્યાત્વે કરી ખોટો ધર્મ ઉપાર્જન કરે છે. જગતમાં આનો આ પિતા, આનો આ પુત્ર એમ કહેવાય છે, પણ કોઈ કોઈનું નથી. પૂર્વના કર્મના ઉદયે સઘળું બન્યું છે. અહંકારે કરી જે આવી મિથ્યાબુદ્ધિ કરે છે તે ભૂલ્યા છે. ચાર ગતિમાં રઝળે છે; અને દુઃખ ભોગવે છે.” આ સમાધિ સરસ્વતીમાં અહં અને મમ ની અહંકારની સૂક્ષ્મતાનો સમ્યક્ બોધ મળે છે. મોટાઈની માન્યતામાં સદ્ગુરુ, સત્ધર્મ, સત્સંગ બધાને જીવ સામાન્ય કરી નાખે છે. આત્મા અકર્તા, જ્ઞાતા, દૃષ્ટા સાક્ષી સ્વરૂપ છે એવી ગુપ્ત જ્ઞાનગંગા આ શબ્દરત્નોમાં પ્રવહી રહી છે. જીવ માત્ર એક વાર સદ્ગુરુના અમૂલ્ય વચનોને રુચિ અને રસપૂર્વક આત્મલક્ષે આચરે તો સત્તત્ત્વ સરળ છે. અવશ્ય પ્રાપ્ત થાય, જે નિઃશંક છે.

આપણે જે પૂજ્યપાદ આચાર્ય વિરચિત ‘સમાધિતન્ત્ર’ અધ્યાત્મગ્રંથનું અમૃતમય થવા રસપાન આસ્વાદી રહ્યા છીએ. આગળના શ્લોક અગિયારમાં આચાર્યદેવે ફરમાવ્યું કે આત્માના સ્વરૂપથી જે પુરુષો અજ્ઞાત છે, પોતાની અને પરની આત્મબુદ્ધિને કારણે સ્વ અને અન્ય શરીરોમાં તેને વિભ્રમ વર્તે છે. બહિરાત્મા સ્વસ્વરૂપથી અજ્ઞાત છે. તેથી ભ્રમિત થઈ સંસાર પસાર કરે છે. હવે શ્લોક બારમાં આચાર્યદેવ એ જ વાતને સંસ્કાર અને અવિદ્યાથી જીવ કેવા દોષમાં સપડાઈ જાય છે તે દર્શાવે છે :

**अविद्यासंज्ञितस्तस्मात्संस्कारो जायते द्दढः**
**येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते ॥१२॥**

**પદ્ય :** અવિદ્યા રૂપ સંસ્કાર, તેથી તો દૃઢ જામતો;
તેથી પુનર્ભવે જીવ, પોતાને દેહ માનતો.

**અન્વયઃ** तस्मात् अविद्यासंज्ञितः संस्कारः द्दढः जायते येन लोकः पुनः अपि अङ्ग एव स्वं अभिमन्यते ।

**શબ્દાર્થ :** तस्मात् = તેથી, अविद्यासंज्ञितः = અવિદ્યા નામનો; संस्कारः = સંસ્કાર; दृढः = મજબૂત; जायते = થાય છે; येन = જે કારણથી

- જેથી; लोक: = અજ્ઞાની; अपि = જન્માંતરમાં પણ - ફરીને પણ; अङ्गम् एवं = શરીર ને જ; स्वं अभिमन्यते = આત્મા માને છે.

**ભાવાર્થ :** તેથી વિભ્રમને કારણે અવિદ્યા નામનો સંસ્કાર મજબૂત - દૃઢ થાય છે. જે કારણથી અજ્ઞાની - બહિરાત્મા બીજા જન્મમાં પણ શરીરને જ આત્મા માને છે. અજ્ઞાનને દૃઢ કરે છે.

**વિશેષાર્થ :** વિભ્રમથી બહિરાત્મા અવિદ્યા રૂપી સંસ્કારને દૃઢ કરે છે, જેથી બીજા ભવમાં એ સંસ્કાર સાથે જતાં સંસારચક્રના ચકરાવામાં રહે છે. આ દૃશ્ય જગતમાં બહિરાત્માને अहं - मम ભાવ દૃઢ વર્તે છે. કારણ જગતની મહત્તામાં બહિરાત્મા રાચ્યો માચ્યો રહ્યો છે. જે માન્યતા છે તેને પોષણ મળે તેવા કાર્યોમાં જીવન યાપન કર્યું છે. બીજાને પણ પોતાનો દેહભાવ છે તેવી પ્રેરણા પણ આપી છે. આગળના જન્મના આ વિભ્રમિત સંસ્કાર લાવ્યો છે. આ ભવમાં સમ્યક્ જ્ઞાનના અભાવે વિપરીત સંસ્કારને પોષ્યા કરે છે. તેને ગાઢ કરે છે કે જે આવતા ભવમાં તે સંસ્કારો જાગ્રત થાય છે અને વધુ ગાઢા બને છે. સ્ત્રી, પુત્ર, ભાઈ, માતા, પિતા 'મારા' છે, તેઓ મને ઉપકારી છે, તેઓ મને સાચવે છે, સાચવશે વગેરે વિભાવભાવને દૃઢ કરે છે. દેહના વિયોગે સંતાપિત થાય છે. કેટલીકવાર વિયોગની તીવ્રતા સહન ન થતાં આત્મઘાત પણ આચરી લે છે, જેથી જન્માંતર રૂપે ભમ્યા કરે છે. अविद्यासंज्ञित: संस्कार: द्दढ: जायते: - અવિદ્યા નામનો સંસ્કાર દૃઢ થાય છે. હવે આપણે 'સંસ્કાર' શબ્દની વ્યાખ્યા વિચારીએ :

चिरकालवर्तिनी मति जायते इति संस्कार: = ચિરકાલ સુધી રહેવાવાળી બુદ્ધિને સંસ્કાર કહેવાય છે. 'अविद्या'ની વ્યાખ્યા છે,

अनात्मीयेषु आत्मविभ्रम: इति अविद्या અર્થાત્ - અનાત્મીય એટલે જે પદાર્થ આપણા નથી તેમાં આત્માની માન્યતા તે અવિદ્યા છે. દીર્ઘકાળથી અવિદ્યા સંસ્કાર બહિરાત્માએ સેવ્યા છે. અન્ય જન્મોમાં પણ આ સંસ્કારને દૃઢ કરે છે. જે જે જન્મોમાં જે જે શરીર મળ્યા ત્યાં ત્યાં અજ્ઞાનને કારણે શરીરને મારું માનીને જીવે છે. અનુક્રમે સુજ્ઞાનના અભાવે અન્ય જન્મોમાં તે બાહ્યભાવને જ દૃઢ કરે છે.

જેમ કૂવામાંથી પાણી ભરનાર સ્ત્રીઓ રસ્સીને કૂવામાં નાખી ડોલથી પાણી બહાર લાવે છે. વારંવાર આ પ્રક્રિયા બનતા કૂવાના પથ્થરમાં કાપો પડી જાય છે. તે વધુને વધુ ઊંડો ઉતરતો જાય છે. તેમ બહિરાત્મા અવિદ્યાના - અજ્ઞાનના સંસ્કારને કારણે, દેહમાં આત્મબુદ્ધિના સંસ્કાર ગાઢ થતાં જાય છે. વિચારીએ તો સમજાય એવું છે. આખી માન્યતામાં તફાવત છે. અભિપ્રાય અસત્ય હોવાથી સત્ય વસ્તુ કેમ પ્રાપ્ત થાય ? શરીર જેમ અંગ છે તેમ પુત્ર-પુત્રી મારા અંગી છે, તે મને ઉપકારક છે વગેરે. આમ મૂળમાં જ ભૂલ છે. બહિરાત્મા આ મૂળની ભૂલને ભૂલી બાહ્ય આચાર-વિચાર આદરે છે. પણ 'રાગની ક્રિયા કે દ્વેષની ક્રિયાનો હું કર્તા નથી. માત્ર જ્ઞાતા, દૃષ્ટા, સાક્ષીભાવ સ્વરૂપ હું છું' તેનું અજ્ઞાન બહિરાત્મા સેવે છે.

પોતાના નહિ એવા બીજા દ્રવ્યોને પુત્ર-પત્ની-ભાઈ-બહેન તથા ધન-ધાન્ય આદિને પોતાના માને છે. મળ-મૂત્ર-લોહી-માંસ-પરુથી ભરેલા શરીરને અને અન્યના શરીરને, અશુચિમય દેહને પ્રીતિ કરવા યોગ્ય માને છે. સ્વપ્ન જેવા આ અનિત્ય સંયોગો જાણે કાયમ રહેનાર છે એવા ભાવમાં જીવે છે. જે નાશ પામનાર છે, જે કાંઈ છે તેને મૂકીને જવું છે તેનો મોહ-મમત્વ-અહંભાવ

અવિદ્યાનો પ્રભાવ છે. અવિદ્યાના કારણે જીવને સાચો વિચાર પણ આવતો નથી. કોઈ પરમ સત્પુરુષના વચનામૃતો સાંભળવા મળે, સત્સંગનો યોગ મળે તેમાં પણ બહિરાત્મા જાગૃત થતો નથી. સ્વદોષ જણાતો નથી. દેહમાં વિચાર કરનાર જીવતો જાગતો જ્ઞાનાનંદ સ્વભાવી ચૈતન્ય મહાતત્ત્વ, પરમ પુરુષ બેઠો છે એવી વિચારણા પણ નથી.

પરમકૃપાળુદેવની સમાધિગિરા છે,

"શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી?
પોતે શું ? ક્યાંથી છે આપ ? એનો માગો શીઘ્ર જવાપ.
જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન,
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ."

અવિદ્યાના સંસ્કાર નાશ કરવા માટે ઉપર બતાવેલી સમ્યક્ વિચારણા, આરાધના, ઉપાસના સદ્ગુરુની નિશ્રામાં હૃદયગત થાય તો મોક્ષમાર્ગ સરળ, સુગમ અને સહજ પ્રાપ્ત થાય. પુરુષાર્થની દિશા મળ્યે કાર્ય થવા લાગે છે.

येन लोकः पुनः अपि (भ्रमति) : અવિદ્યાના ગાઢ સંસ્કારથી બહિરાત્મા જન્મોજન્મ ભમ્યા કરે છે. આગળના વિપરીત સંસ્કારને દૃઢ કરે છે અને શરીરાદિ પરપદાર્થો વિષે આત્મબુદ્ધિ કરે છે. પોતે કર્તા છે, ભોક્તા છે એવી દૃઢ માન્યતામાં પડ્યો રહે છે. મમતાના-એકત્વના સંસ્કાર હોવાથી રાગ-દ્વેષમાં ભળી જાય છે. કર્મબંધ થતાં પુનઃ પુનઃ સંસારમાં ચકરાવો લગાવ્યા કરે છે. મારાથી ઘર ચાલે છે, વેપાર હું કરું છું, બધાનું ધ્યાન હું રાખું છું, મારા આશ્રયે ઘણા જીવો જીવી રહ્યા છે - આવી કર્તાપણાની ભાવના છે તેથી ભોક્તાપણે પણ તે જ આત્મા પ્રવર્તે છે.

બધું પરિણમન સ્વતંત્ર થાય છે. છ દ્રવ્યથી આ જગત સ્વતંત્ર-સ્વાધીન રહ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું પરિણમન કરી શકે તેવી વ્યવસ્થા જ નથી. બે પરિણામ એક દ્રવ્ય કરે તેવી ગુંજાઈશ નથી. બહિરાત્માને સમ્યક્ વિચારણાને અભાવે અવિદ્યા-ભ્રાન્તિના સંસ્કાર જન્માન્તરોમાં ચાલ્યા કરે છે. વિશેષમાં તે દૃઢ થતાં જાય છે. અકર્તા, જ્ઞાતા, દૃષ્ટા, સાક્ષીભાવથી અનેક યોજન દૂર થતો જાય છે.

अङ्गंम् एव स्वं अभिमन्यते : દેહધારી બહિરાત્મા શરીરને જ આત્મા માનીને સંસારચક્રમાં ઘૂમ્યા કરે છે. દેહ તે આત્મા નથી. અન્યના દેહ તે પણ આત્મા નથી. દેહ અને આત્મા બંને ભિન્ન છે. દેહના લક્ષણ ભિન્ન છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપીપણું આ દેહના (પુદ્ગલના) લક્ષણો છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા, અનંત અનંત શક્તિ સંપન્ન, અસંખ્યાત પ્રદેશી, જ્ઞાનાનંદ, સુખાનંદ, આનંદઘન, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સ્વરૂપ છે.

આવી ભેદજ્ઞાનની કોઈ સૂઝ નહિ હોવાથી દેહને આત્મા માનીને; દેહને કાંઈ થયું તો મને થયું, મેં કહ્યું, મેં ભોગવ્યું, દવાથી મને સારું થયું વગેરે વિપરીત માન્યતાથી જૂના સંસ્કારને દૃઢ કરે છે. સંસારચક્રમાં ફર્યા કરે છે. મનુષ્ય મરીને અન્ય ગતિમાં-પશુ થાય કે દેવ થાય કે નરકમાં જાય પણ બહિર્બુદ્ધિ આત્મા કર્તા-ભોક્તાપણાના સંસ્કારે ફર્યા કરે છે. ચતુર્ગતિમાં રખડ્યા કરે છે.

બહિરાત્માની શું સ્થિતિ છે તેનું તાદૃશ ચિત્ર 'નાટકસમયસારમાં' બંધદ્વાર પદ-૩૦માં શ્રી બનારસીદાસજી આપે છે : જેમ ભૂખ્યો કૂતરો હાડકું ચાવે છે અને તે હાડકાની અણી ચારે કોર મોઢામાં

વાગે છે; જેથી ગાલ, તાળવું, જીભ અને જડબાનું માંસ ચીરાઈ જાય છે અને લોહી નીકળે છે તે નીકળેલા પોતાના જ લોહીને તે ખૂબ સ્વાદથી ચાટતો થકો આનંદિત થાય છે. તેવી જ રીતે અજ્ઞાની વિષયલોલુપી જીવ કામ-ભોગમાં આસક્ત થઈને સંતાપ અને કષ્ટમાં ભલાઈ માને છે. કામક્રીડામાં શક્તિની હાનિ અને મળ-મૂત્રની ખાણ સાક્ષાત્ દેખાય છે તો પણ ગ્લાનિ કરતો નથી, રાગ-દ્વેષમાં જ મગ્ન રહે છે. આ જ મોહબુદ્ધિ જન્માન્તરોમાં ગાઢ બને છે. મમત્વભાવમાં વૃદ્ધિ થાય છે.

આ મોહ-મમત્વ-અહંકારભાવ નાશ કેમ થાય તેનો મહામંત્ર 'જ્ઞાનસાર'ના મોહત્યાગાષ્ટકના શ્લોકમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી સમાધિગિરામાં છે,

**''शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम ।**
**नान्योडहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥''**

અર્થાત્ શુદ્ધ આત્મદ્રવ્ય જ હું છું. શુદ્ધજ્ઞાન મારો ગુણ છે. તેનાથી અન્ય હું નથી. બીજા અન્ય જે કોઈ પદાર્થો છે તે મારા નથી. આ જ મહામંત્ર તીવ્ર મોહને નાશ કરવાનું શસ્ત્ર છે. અન્ય શસ્ત્રોથી તીવ્ર મોહ નાશ થતો નથી. માત્ર અસ્તિની જમાવટ - નાસ્તિનું જાણપણું તીવ્ર મોહનો નાશ કરવા સમર્થ છે. અસ્તિની મસ્તીમાં તીવ્ર મોહ પણ નાશ પામે છે. પછી તો સદા અસ્તિની જ મસ્તી રહે છે.

અધ્યાત્મગ્રંથોમાં ઉત્તમ ક્રમ વર્ણવાયો છે. પ્રથમ દેવાદિકનું શ્રદ્ધાન કરવું, પછી જિનમતમાં કહેલા જીવાદિ તત્ત્વોનો વિચાર કરવો, તેના નામ લક્ષણાદિ શીખવાં, તેના અભ્યાસથી તત્ત્વશ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે. પછી સ્વ-પરનું ભિન્નપણું ભાસે તેવા વિચારો કર્યા કરવાં. કારણકે તેવા વિચારોથી ભેદવિજ્ઞાન થાય છે. પછી તે સ્વમાં સ્વપણું માનવા અર્થે સ્વરૂપનો વિચાર વારંવાર કરવો, જેથી સ્વ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. કોઈવાર દેવાદિના વિચારમાં, કોઈવાર તત્ત્વવિચારમાં, કોઈવાર વળી સ્વપરના વિચારમાં કે આત્મ-વિચારમાં ઉપયોગને લગાવવો. આ પ્રકારનો વારંવાર અભ્યાસ થતાં દર્શનમોહ મંદ થાય છે, ઉપશમ વૈરાગ્યમાં તીવ્રતા આવે છે. રસમગ્નતા, રુચિની તીવ્રતા, સદ્‌ગુરુની આજ્ઞાનું સામર્થ્ય, પુરુષાર્થની પ્રબળતા થતાં આત્માનુભૂતિ થાય છે. બહિરાત્મા આ પ્રમાણે આચરે તો અવિદ્યાના સંસ્કાર નાશ થતાં જન્માન્તરે સહજદશામાં જીવાય છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેન વચનામૃતમાં દર્શાવે છે, ''જો તારે તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે. જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે. તું તને જો. જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર.''

પરમકૃપાળુદેવની અમૃતગિરા પ્રકાશે છે,

''અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા !
ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.''

**(ક્રમશઃ)**

### ચાર પ્રકારના મનુષ્ય

**અધમ કહે છે : મેરા સો મેરા, તેરા ભી મેરા.**
**મધ્યમ કહે છે : મેરા સો મેરા, તેરા સો તેરા.**
**ઉત્તમ કહે છે : તેરા સો તેરા, ઔર મેરો ભી તેરા.**
**ઉત્તમોત્તમ કહે છે : ન કુછ તેરા, ન કુછ મેરા,**
**જગત યહ સબ જૂઠ ઝમેલા.**

# સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો - એક ચિંતન
**(ક્રમાંક - ૮)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

શ્રી કૃષ્ણ અર્જુનને બોધ આપે છે,

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसलं मनः ॥६०॥
तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६१॥

(શ્લોકનું ગુજરાતી પદ્યાનુવાદ) :

"પ્રયત્નમાં રહે તોયે, શાણાયે નરના હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી.
યોગથી એ વશે રાખી, રહેવું મત્પરાયણ,
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર."

**શ્રીમદ્ ભાગવદ્ ગીતા-અધ્યાય ૨/૬૦-૬૧**

**શબ્દાર્થ :** હે અર્જુન ! મથનારી ઈન્દ્રિયો, પુરુષાર્થ કરનાર વિવેકી વિદ્વાન પુરુષના મનને પણ ખેંચી લે છે. (આકર્ષી લે છે.) આ સર્વ ઈન્દ્રિયોને વશમાં રાખી જે મારામાં (પરમાત્મામાં) તન્મય થાય છે તેની બુદ્ધિ સ્થિર હોય છે.

ઉપરોક્ત બન્ને શ્લોક - ૫૯માં શ્લોકનું અનુસંધાન છે.

**ભાવાર્થ :** શ્લોક ૬૦માં શ્રી કૃષ્ણ જણાવે છે કે જે વિદ્વાન છે, વિવેકી છે, પુરુષાર્થ પણ કરે છે પણ જો તેની બુદ્ધિ પરમાત્મતત્ત્વ - આત્મ તત્ત્વમાં લીન નથી થતી તો ઈન્દ્રિયો એટલી બળવાન છે કે મનને બળપૂર્વક પોતાની તરફ આકર્ષી લે છે. તેનું કારણ છે અનાદિના વાસનાના સંસ્કારો. ઘણા ઋષિ-મુનિઓના ઉદાહરણો કથાનુયોગમાં આવે છે કે જેઓ વિષયો સામે આવતાં વિચલિત થઈ ગયા હતા. પરમકૃપાળુદેવશ્રીમદ્ રાજચંદ્રજીએ 'મોક્ષમાળા'માં કપિલમુનિનું દૃષ્ટાંત આપ્યું છે. ઋષિ વિશ્વામિત્રનું તથા અપ્સરા મેનકાનું દૃષ્ટાંત પણ પ્રસિદ્ધ છે. માટે સાધકે કદી પણ અભિમાન ન કરવું કે "મેં ઈન્દ્રિયોને જીતી લીધી છે."

શ્લોક ૬૧માં બોધ આપ્યો છે કે સાધકે ઈન્દ્રિયોને સંયમમાં રાખી મનને ઈશ્વરમાં પરોવી દેવું જોઈએ. તેથી જ ઈન્દ્રિયો વશ થઈ શકે છે અને બુદ્ધિ પણ સ્થિર થઈ જાય છે. યોગનો એક અર્થ થાય છે - "આત્માનું પરમાત્મા સાથે મિલન તેને કહે છે યોગ"

## પરમાર્થ / આત્માર્થ :

સાધકને (આપણને) પરમાત્માના અચિંત્ય સ્વરૂપનું અપૂર્વ અલૌકિક માહાત્મ્ય આવવું જોઈએ અને 'માત્ર ભગવાન જ મારા છે અને હું ભગવાનનો છું' એવી દૃઢ શ્રદ્ધા થવી જોઈએ. આમ થવાથી સંસાર, શરીર અને ઈન્દ્રિયોના ભોગોની આસક્તિ ઘટી જાય છે. પરમાત્માના ઐશ્વર્ય આગળ સંસારના સર્વ પદાર્થો તુચ્છ ભાસે છે. જેમ જેમ પરમાત્માના ધ્યાનમાં લીન થવાય તેમ તેમ બુદ્ધિ સ્થિર થાય છે અને એક ધન્ય પળે આત્મદર્શન (આત્મસાક્ષાત્કાર) થઈ જાય છે અને જીવન કૃતકૃત્ય બની જાય છે.

## વિશેષ વિચારણા :

વિદ્વાન મનુષ્યો પણ જો જાગૃત ન રહે, પરમાત્મપરાયણ ન રહે અને પ્રમાદ કરે, સત્સંગ ન કરે તો તેમની ઈન્દ્રિયો તેમના મનને વિષયોની જાળમાં ફસાવી દે છે, અને મન પતિત પરિણામી હોવાથી સાધક સાધનામાંથી નીચે પડવા લાગે છે.

માટે સાધકોએ અત્યંત સાવધાન રહેવું જોઈએ.

**ઈન્દ્રિયોને સંયમમાં રાખવાના ઉપાયો :** ઈન્દ્રિયોને સંયમમાં રાખવા માટે દરેક ઈન્દ્રિયને પરમાત્માના કાર્યમાં જોડી દેવી જોઈએ. સ્પર્શેન્દ્રિય દ્વારા પરમાત્મા અને સદ્‌ગુરુની સેવા કરવી, વાણી દ્વારા ભગવાનના ગુણગાન કરવાં, ભોજન પ્રભુ ગુરુને સમર્પણ કરીને લેવું, કાનને પરમાત્માની વાણીનું શ્રવણ કરવામાં જોડવાં, આંખોથી પરમાત્માનું દર્શન કરવું, નાક દ્વારા પરમાત્માની દિવ્યતા-પવિત્રતાની સુગંધ લેવી, હાથને સત્કાર્યોમાં તથા દાનમાં રોકવાં, પગથી તીર્થયાત્રા કરવી.

**મનને જીતવાના ઉપાયો :** ''મનને જીતવું બહુ બહુ દુર્ઘટ છે. એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે. એને થકાવવું બહુ દુર્લભ છે; એની ગતિ ચપળ અને ન ઝાલી શકાય તેવી છે. મહાજ્ઞાનીઓએ જ્ઞાનરૂપી લગામ વડે કરીને એને સ્તંભિત રાખી સર્વ જય કર્યો છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર 'મોક્ષમાળા' પાઠ - ૬૮**

યોગીરાજ આનંદઘનજી મહારાજ - કુંથુનાથ ભગવાનને વિનંતી કરે છે કે -

''મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું,
આગમથી મતિ જાણું;
આનંદઘન પ્રભુ મ્હારું આણો,
તો સાચું કરી જાણું,
હો કુંથુજિન ! મનડું કિમ હી ન બાજે.''

આ પ્રમાણે આનંદઘનજી પોતાના મનને પરમાત્મામાં પરોવી દે છે.

શ્રી પદ્મનંદિ આચાર્યે 'પદ્મનંદિ પંચવિશંતિ' સત્શાસ્ત્રમાં ઈન્દ્રિયોને જીતવા માટે છ આવશ્યક કાર્યો કહ્યાં છે તે આપણે ગૃહસ્થોએ અવશ્ય કરવાની આજ્ઞા છે : દેવપૂજા, ગુરુપાસ્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન.

જેનો શ્લોક નીચે પ્રમાણે છે,

''देवपूजा गुरुपास्तिः स्वाध्यायः संयमः तपः
दानं च इति गृहस्थाणां षट् कर्माणि दिने दिने ।''

## સત્શાસ્ત્રોના અવતરણો

૧. યોગીજનને મોહથી, રાગદ્વેષ જો થાય;
સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય.
**- શ્રી સમાધિશતક-શ્લોક ૩૯**

૨. તનમાં મુનિને પ્રેમ જો, ત્યાંથી કરી વિયુક્ત;
શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત.
**- એજન શ્લોક ૪૦**

ઉપરોક્ત બન્ને શ્લોકમાં ઉત્તમ સાધકને શરીરાદિનો મોહ છોડી આત્મામાં લીન થવાનો બોધ આપ્યો છે. પણ જ્યારે આત્મામાં ધ્યાન ન લાગે ત્યારે મનને પરમાત્મામાં લીન કરવું જોઈએ, એમ સમજવું.

૩. તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પર દ્રવ્યો વિષે.
**- શ્રી સમયસાર - ૪૧૨**

## બોધ :

સર્વ જીવને અનાદિથી અસત્ વાસનાના સંસ્કાર દૃઢ થયેલા છે, જેને લીધે સામાન્ય સંસારી જીવો ઈન્દ્રિયો અને મનના ગુલામ બનીને આ અમૂલ્ય મનુષ્યજન્મને કોડીની માફક વેડફી નાખે છે.

- ''તૂને દિવસ ગંવાયા ખાય કે,
  ઔર રાત ગંવાઈ સોયકે,
  હીરા જનમ અમોલ થા
  કોડી બદલે જાય રે.''

**- સંત કબીરદાસજી**

- બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
  તો યે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.
  **- શ્રીમદ્ રાજચંદ્ર**

આથી સાધકોએ અત્યંત સાવધાન રહેવું જોઈએ. મનને તત્ત્વજ્ઞાનરૂપી લગામ દ્વારા કાબૂમાં રાખવું તથા સુવિચારણા અને સુયુક્તિથી ઈન્દ્રિયોનું શમન કરી સત્કાર્યમાં દોરવી.

વિવેકબુદ્ધિ (સુબુદ્ધિ) દ્વારા મનને પરમાત્મામાં, શ્રી સદ્‌ગુરુમાં અને તેમની વાણીમાં સ્થિર કરવું. વિશેષ એકાગ્રતા થતાં પોતાના આત્મમાં જ લીન કરી દેવું - આ મહાપુરુષોની સ્થિતપ્રજ્ઞ દશા છે અને આ જ આપણા સર્વનું મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે.

આવો અપ્રતિમ પુરુષાર્થ કરવા માટે આપણે આત્મબળ વધારવું જોઈએ. પરમાત્માના અને સદ્‌ગુરુના શરણમાં રહેવાથી તેમની કૃપાથી આત્મબળ વધે છે. જેમ જેમ આત્મબળ વધે છે તેમ તેમ ઈન્દ્રિયોનો સંયમ સહજ થઈ જાય છે. શ્રી સદ્‌ગુરુ પાસે અમુક નિયમ લેવાથી પણ ઘણું આત્મબળ વધે છે.

ઉપર પ્રમાણે સત્પુરુષાર્થ દ્વારા આપણે શ્રી પ્રભુ-ગુરુ કૃપાથી સ્થિતપ્રજ્ઞ દશા પ્રગટાવીએ એવી શુભ ભાવના.

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

---

(પાના નં. ૨૮ પરથી ચાલુ...)

## પુસ્તક સમાલોચના

**- મિતેશભાઈ એ. શાહ**

(૫) પુસ્તકનું નામ : **અજવાસ**

લેખિકા : ભાનુબેન ધરમદાસ શાહ ● મૂલ્ય : રૂા. ૧૦૦/- ● પાના : ૧૯૬

પ્રાપ્તિસ્થાન : ભાનુબેન ડી. શાહ, ૨૬, મિલપરા, તપોવન એપા. નં.૨, કાન્તા સ્ત્રી વિકાસગૃહ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨. ફોન. નં. (૦૨૮૧) ૨૨૩૯૦૬૨

આકર્ષક મુખપૃષ્ઠ, સારા કાગળનો ઉપયોગ થયેલ છે. 'દિવ્યધ્વનિ'ના લેખિકા શ્રી ભાનુબેન શાહ લિખિત આ પ્રથમ પુસ્તકના બે ભાગ છે. પહેલા વિભાગમાં વિવિધ ચિંતનાત્મક અને પ્રેરણાદાયી લેખોનો સંગ્રહ છે, તો બીજા વિભાગ 'પદ્યરંગ'માં સ્વરચિત કવિતાઓ છે. મુમુક્ષુઓને આ પુસ્તકના વાંચનથી જરૂર પ્રેરણા મળે તેમ છે.

(૬) પુસ્તકનું નામ : **સાસુમા વંદના**

લેખિકા : શ્રીમતી રાજુલબેન રમેશકુમાર શાહ ● મૂલ્ય : હૃદયપરિવર્તન ● પાના : ૧૪૮

પ્રાપ્તિસ્થાન : શ્રીમતી રાજુલબેન રમેશકુમાર શાહ, ૬, ત્રિપાઠીસદન, એસ.વી. રોડ, જોગેશ્વરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૧૦૨. મો. નં. (૦૨૨) ૨૬૭૯૬૩૩૯

વર્તમાન યુગમાં કુટુંબમાં સાસુ-વહુના સંઘર્ષો દૃષ્ટિગોચર થાય છે. ઘરને જીવંત અને ધબકતું રાખવા સ્ત્રીએ 'સાસુ'ની અંદર 'મા'ના દર્શન કરવા જોઈએ. આ પુસ્તકમાં લેખિકાએ પોતાના સાસુમાની ઉચ્ચ ભાવના, ઉચ્ચ વિચારો અને તેઓના ઉપકારોનું વર્ણન કરેલ છે. ઉપરાંત નારી ઉત્કર્ષ, ભારતીય નારીરત્નો, ગર્ભસ્થ બાળક માટે ઉત્તમ ભાવનાઓ જેવા અનેક ઉપયોગી લેખોનો સંગ્રહ છે. નવી પેઢીની પુત્રવધૂઓને આ પુસ્તક માર્ગદર્શકરૂપ બને તેમ છે.

■ ■ ■

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## ૧૮ મા તીર્થંકર
## શ્રી અરનાથ જિન સ્તવન

યોગીશ્વર આનંદઘનજી આ સ્તવનના માધ્યમથી 'ધરમ પરમ અરનાથ'નો સમજાવી રહ્યા છે. પરસમય એટલે સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી વ્યાવૃત્ત થઈ સ્વસમય એટલે નિજ શુદ્ધાત્મામાં લીન થઈ જ્ઞાનાનંદસ્વરૂપને માણવું તે જ ખરેખર તો શ્રી અરનાથ તીર્થંકર ભગવાનનો 'પરમ' ધર્મ છે અને તે માટે જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદરૂપ વિકલ્પોને વ્યવહારના ખાતામાં મૂકી, તે ભેદરૂપ પર્યાયદૃષ્ટિને છોડાવી અભેદ આત્મસ્વરૂપ પ્રત્યે આનંદઘનજીએ દ્રવ્યદૃષ્ટિ કરાવી, એ આપણે આગળની ગાથાઓમાં જોયું.

નિશ્ચય અને વ્યવહાર એ સાધક માટે મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે મહત્ત્વના અંગો છે. તેથી તેની યથાર્થ સમજણ આનંદઘનજી હવે પછીની બે ગાથામાં આપે છે :

**પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;**
**વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે.**
**- ધરમ પરમ અરનાથનો૦ ૬**

**વ્યવહારે લખે દોહિલા, કાંઈ ન આવે હાથ રે;**
**શુદ્ધનય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે.**
**- ધરમ પરમ અરનાથનો૦ ૭**

**શબ્દાર્થ :** જે પરમાર્થમાર્ગને અનુસરે છે તે એક તંતરૂપ, અભેદ સ્વરૂપને પામીને તેમા રંજન કરે છે, સ્વરૂપાનંદ માણે છે. પણ જો સાધક માત્ર વ્યવહારનો જ લક્ષ કરવામાં રહી જાય, તો વ્યવહારના તો અનંદ ભેદ છે. તે ભેદોના વિકલ્પોમાં જ અટવાયેલા રહીએ તો હાથમાં કાંઈ આવતું નથી. તેને મોક્ષ દોહિલો, દુર્લભ થઈ પડે છે. જો શુદ્ધનય એટલે નિશ્ચયનયનું અંતરમાં સ્થાપન કરી તેને સેવીએ તો કોઈપણ દ્વિધા રહેતી નથી. (પરમારથ પંથ = નિશ્ચય મોક્ષમાર્ગ; જે કહે = જે અનુસરે તથા ઉપદેશે; રંજે = આનંદ પામે; એક તંત = એકરૂપ, એક જ પ્રકારે, અભેદરૂપ; વ્યવહારે = ભેદરૂપ સાધનોનું; લખ જે રહે = લક્ષ કરે; દોહિલા = દુર્લભ; શુદ્ધનય = નિશ્ચયનય, દ્રવ્યદૃષ્ટિ; થાપના = સ્થાપના; દુવિધા = દ્વિધા, વિમાસણ)

**ભાવાર્થ :** આનંદઘનજી અહીં નિશ્ચયદૃષ્ટિની, પરમાર્થદૃષ્ટિની મહત્તા અને વ્યવહારદૃષ્ટિની મર્યાદા સમજાવે છે, જેથી સાધક ધર્મમાર્ગમાં આવ્યા પછી વ્યવહારને વળગી રહી પરમાર્થ ચૂકી જવાની જે ભૂલ કરે છે તેનાથી બચે અને મોક્ષના ગંતવ્યસ્થાને નિર્વિઘ્ને પહોંચી જાય.

વ્યવહાર અને નિશ્ચય, એ એક જ મોક્ષમાર્ગના બે પડખાં છે અથવા તો બે તબક્કા છે, Stage છે. વ્યવહાર તે સાધન છે અને નિશ્ચય તે સાધ્ય છે. નિશ્ચય મોક્ષમાર્ગ એટલે આનંદઘનજીએ અહીં કહ્યો છે તે 'પરમારથ પંથ' અંતર્મુખતા કરાવે છે તો વ્યવહાર મોક્ષમાર્ગ તે અંતર્મુખતાને પ્રેરક, પુષ્ટ કરનાર સાધનો બતાવે છે. આત્માર્થી સાધકનું એ લક્ષ હોય છે અથવા હોવું જોઈએ કે મારે અરનાથ પ્રભુ અને તેમના માર્ગે ચાલતા જ્ઞાનીપુરુષો જેવો સ્વરૂપાનંદ માણવો છે, જે મારા આત્મસ્વરૂપમાં અભેદતાપૂર્વક રમણતા કરવાથી થશે. આ જ છે પરમાર્થ, જેની પ્રાપ્તિ થયા પછી જ્ઞાની પુરુષોને કંઈ જ કરવાનું બાકી નથી રહેતું. પછી એવી

કૃતકૃત્યતા અનુભવાય છે કે **"તે રંજે એક તંત રે"** - તેઓ એક જ પ્રકારના અભેદ સ્વસંવેદનથી ઉત્પન્ન સહજ સુખથી રંજિત થાય છે, સ્વરૂપાનંદની મોજ માણે છે. આમ, પરમાર્થમાર્ગ એક તંત એટલે કે એકરૂપ છે, તેમાં કોઈ ભેદ નથી, નય-પક્ષના વિકલ્પો નથી, માત્ર અભેદ નિર્વિકલ્પ સ્વાનુભવ છે. તેથી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર - ગાથા ૩૬માં ફરમાવે છે કે :

*"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;*
*પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત."*

મુમુક્ષુ જીવ પોતાની અજ્ઞાન દશામાંથી એકદમ આ પરમાર્થની પ્રાપ્તિ કરી શકતો નથી. તે માટે તેણે વ્યવહારના ભેદરૂપ સાધનોનું અવલંબન લઈ ઉત્કૃષ્ટ પાત્રતા કેળવવી પડશે, કારણ કે શ્રીમદ્જી કહે છે તેમ, *"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન."* પરંતુ આ વ્યવહાર પરમાર્થલક્ષી હોવો જોઈએ. શ્રીમદ્જી કહે છે તેમ, *"નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."*

વ્યવહાર માત્ર સાધન છે, સાધ્ય નહીં. આ લક્ષ ન રહે તો કેવી મુશ્કેલી સર્જાય તેની વાત અહીં આનંદઘનજી કરે છે. મુશ્કેલી એ છે કે વ્યવહારના તો અનંત ભેદ છે, કારણ કે શ્રી અરનાથ આદિ તીર્થંકર ભગવાને અને સત્પુરુષોએ જીવની પાત્રતા, રુચિ, શક્તિ, ભક્તિ, પ્રકૃતિ અનુસાર અનેકાનેક પરમાર્થપ્રેરક સાધનો બતાવ્યાં છે. જેમ કે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, દર્શન-જ્ઞાન-ચારિત્રનું સમ્યક્ આરાધન, વૈરાગ્યવર્ધક બાર ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, જપ, તપ, સંયમ, ભક્તિ, ધ્યાન, સત્સંગ વગેરે વગેરે અને આ બધાના ભેદ-પ્રભેદો જોતાં આનંદઘનજી કહે છે, **"તેહના ભેદ અનંત રે."** આમાંથી કયું સાધન કરશો અને કયું નહીં ? ઉપરોક્ત અનેક વ્યવહાર સાધનો કરવામાં કાં તો જીવ શુભભાવમાં રહી પુણ્યબંધ કરે છે અથવા તો સાંસારિક ફળની ઈચ્છા-નિદાનરૂપ અશુભભાવમાં પાપબંધ પણ કરી બેસે છે. ફળસ્વરૂપે અનેક પ્રકારે ચાર ગતિમાં રખડે છે. પણ મોક્ષરૂપ એકાંતિક ફળ મળતું નથી. આ જ વાતને આનંદઘનજીએ શ્રી અનંતનાથ સ્તવનમાં મૂકી છે કે, *"ફળ અનેકાંત કિરિયા કરી બાપડાં, રડવડે ચાર ગતિમાંહી લેખે."*

અહીં જો કોઈ આત્મજ્ઞાની સદ્ગુરુનો આશ્રય નહીં હોય તો પોતાની મતિકલ્પનાથી થતી આ સાધનાના અનેક પ્રકારોમાં જીવ ગુંચવાઈ જઈ, સંકલ્પ-વિકલ્પો અને શુભાશુભ ભાવોમાંથી ઉપર નહીં ઊઠી શકે. આ સાધનોથી થોડી ઘણી શાંતિ અને કષાયની મંદતા થતાં જીવ તેમાં જ સાધનાની ઈતિશ્રી માની એ વ્યવહારને વળગી રહેશે. પરમાર્થનું લક્ષ ચુકાઈ જઈ આમ **"વ્યવહારે લખ જે રહે."** — વ્યવહાર માત્ર લક્ષ બની જતાં **"કાંઈ ન આવે હાથ રે."** અર્થાત્ મોક્ષરૂપ પ્રયોજનની સિદ્ધિ થતી નથી. શ્રીમદ્જી પણ આવા જ કંઈક શબ્દોમાં કહે છે : *"વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો."* નરસિંહ મહેતા કહે છે તેમ : *"પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહી રે."* આવા એકાંતે વ્યવહારલક્ષી સાધકને મોક્ષ 'દોહિલો', દુર્લભ થઈ પડે છે. ટૂંકમાં, જ્યાં સુધી એકાંતે વ્યવહારનો આશ્રય છે, ત્યાં સુધી સંકલ્પ-વિકલ્પોરૂપી દ્વિધાઓ છે, રાગ-દ્વેષરૂપી દ્વંદ્વો છે, ગુણ-ગુણી આદિ ભેદોનો વિકલ્પરૂપ દ્વૈત છે અને તેથી અદ્વૈત, અખંડ, અભેદ એવું આત્મસ્વરૂપ હાથમાં આવતું નથી. આ મૂળ પ્રયોજન સિદ્ધ ન થતું હોવાથી આનંદઘનજી કહે છે, **"કાંઈ ન આવે હાથ રે."**

અહીં આપણે એટલું ધ્યાન રાખવું જરૂરી છે કે આનંદઘનજીનો આશય એકાંતે વ્યવહારનયનો નિષેધ કરવાનો નથી. તેઓ તો આગળ વધેલા સાધકને મોક્ષરૂપી એકાંત ફળની પ્રાપ્તિ માટે પછી વ્યવહારનું અવલંબન છોડાવી, શુદ્ધનય આશ્રિત

નિરાલંબન શુદ્ધાત્માની અનુભૂતિ તરફ લઈ જવા માગે છે. પરમાર્થપ્રેરક 'સમંત' વ્યવહારની અનિવાર્યતા અને પરમાર્થના લક્ષ વગરના વ્યવહારની નિરર્થકતા વિશે શ્રીમદ્જીએ પત્રાંક - ૪૨૨ (પૃ.૩૬૦)માં સુંદર સમજણ આપી છે, જે અવલોકવા યોગ્ય છે.

વ્યવહારથી ઉપજતી સર્વ દુવિધાઓ મટાડવાનો ઉપાય બતાવતાં આનંદઘનજી કહે છે, **"શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે."** શુદ્ધનય એટલે નિશ્ચયનય,દ્રવ્યદૃષ્ટિ, જે વસ્તુના મૂળ સ્વરૂપનું અભેદપૂર્વક નિરૂપણ કરે છે. અહીં પર્યાયદૃષ્ટિના કે વ્યવહારના અનેકાનેક વિકલ્પોને કોઈ સ્થાન નથી. શુદ્ધનય એક પારમાર્થિક દૃષ્ટિકોણ છે, જે આત્માનુભૂતિ પહેલાની સાધનાનો છેલ્લો તબક્કો છે. શુદ્ધનય જ આત્માને શુદ્ધ, નિરંજન, અખંડ, અભેદ, અનંતગુણોના પીંડ એવી જ્ઞાયકસત્તારૂપે દૃષ્ટિ કરાવી સાધકને સ્વરૂપના નિર્વિકલ્પ અનુભવ તરફ લઈ જાય છે. તેથી વ્યવહારનયથી અનેક પ્રકારે તૈયાર થયેલો, વૈરાગ્ય અને ઉપશમથી ભૂષિત એવો ઉત્તમ મુમુક્ષુ હવે તેનું જે લક્ષ - પરમશાંત, નિરાકુળ આત્મસ્વરૂપને પામવું - તેની તીવ્ર ઝંખના થતાં આ શુદ્ધનયની અંતરમાં સ્થાપના અને સેવના કરતાં, તેનો અત્યંત મહિમા લાવી, શુદ્ધનયથી પ્રરૂપિત શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન એવા નિજાત્માના ચિંતન, મનન, ઘોલનમાં નિરંતર લાગી પડે છે. ફળસ્વરૂપે કોઈ ધન્ય પળે તે નય આદિના વિકલ્પો પણ છૂટીને નિર્વિકલ્પ સ્વસંવેદનને પ્રાપ્ત થાય છે, જ્યાં હવે કોઈ રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પો, શુભ-અશુભ કે વ્યવહારના અનેક ભેદોની દુવિધા, દ્વિધા રહેતી નથી એવા નિઃશંકપણાને તે પ્રાપ્ત થાય છે. સર્વ સાધનાથી પાર એવી કૃતકૃત્યતાનો અનુભવ કરે છે.

સ્વામી રામદાસ દેશભરમાં પોતાના પ્રિય મંત્ર "ૐ શ્રી રામ, જયશ્રી રામ, જય જય રામ"નું ગુંજન કરતાં અને કરાવતાં. વર્ષો પછી એવી પરિપક્વ દશા આવી કે ભક્તો જ્યારે એક અવાજે તેની ધૂન ગજાવતા ત્યારે પોતે મૌન બેસી રહેતા. કોઈએ તેનું કારણ પૂછ્યું, ત્યારે જવાબ આપ્યો, "રામ સાથે રામદાસ એક થઈ ગયો છે. પછી નામ બોલવા રહ્યું કોણ ?" પછી તો સંત કબીર કહે છે તેમ :

*"રામ કબીરા એક હૈ, કહન સુનન કે દોય;*
*દો કર જો કોઈ જાનસી, ગુરુ મિલા નહીં હોય."*

આમ, સંતો શુદ્ધનયને અંતરમાં સ્થાપિત કરી, બધી દ્વિધાઓને શાંત કરી અંતે તો શુદ્ધાત્મતત્ત્વ સાથે એક તંત, એકરૂપ થઈ જાય છે.

અરનાથ પ્રભુનો આવો પરમ ધર્મ પ્રાપ્ત થયો. તેથી પ્રભુના અનંત ઉપકારનું વેદન કરતાં આનંદઘનજીનું ભક્તહૃદય હવે પ્રભુ પ્રત્યે અનન્ય શરણાગત ભક્તિ કર્યા વગર કેમ રહી શકે ? તેઓ કહે છે :

**એક પખી લખી પ્રીતિને, તુમ સાથે જગનાથ રે;**
**કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે.**

**- ધરમ પરમ અરનાથનો૦ ૮**

(એક પખી = એકપક્ષી, એક તરફથી; લખી = જાણી છે)

**ભાવાર્થ :** જેમ જેમ જ્ઞાન વર્ધમાન થાય છે, તેમ તેમ આત્માનો વિનય ગુણ પણ વર્ધમાન થતો જાય છે, જે આનંદઘનજીની આ ગાથામાં પ્રગટ થાય છે. જેમના થકી શુદ્ધનય આદિનું ઉત્તમ તત્ત્વજ્ઞાન મળ્યું અને આપણને સૌને તે પીરસ્યું, તેવા પ્રભુ પ્રત્યે અત્યંત અહોભાવ વ્યક્ત કર્યા વિના કેમ રહી શકાય ?

પોતાના પ્રભુપ્રેમને અલ્પ શબ્દોમાં વ્યક્ત કરતાં આનંદઘનજી કહે છે કે હે જગતના નાથ ! તારી સાથેની મારી પ્રીતિને મેં એકપખી, એકપક્ષી,

એકતરફી જાણી છે. મારી આ પ્રીતિ એકપક્ષી લક્ષણવાળી છે, કારણ કે હું તો તને નિરંતર પ્રેમ કરીશ, પણ તું વીતરાગી મને ક્યાંથી પ્રેમ કરી શકે ? તું વીતરાગી અને હું રાગી. આમ, આપણા બે વચ્ચે અંતર પણ ઘણું છે. રાગી જ વીતરાગ થવા માટે વીતરાગીને એકપક્ષી પ્રેમ કરે એ સ્વાભાવિક છે. પણ વાંધો નહિ, તું ભલે સિદ્ધલોકમાં મોજ કરે પણ મેં તો તને મારા હૃદયમંદિરમાં બિરાજમાન કરી દીધાં છે. તેથી હે પ્રભુ ! તારું પણ કર્તવ્ય બને છે કે મારો હાથ પકડી, કૃપા કરીને આ દાસને તારા ચરણકમળમાં રાખજે, જેથી તારા અનંત ગુણોનો મને નિરંતર સ્પર્શ થતો રહે અને મારી ભાવદશા ઊર્ધ્વગામી બને. તારા ચરણતળે રહેવાનું તાત્પર્ય એ કે એકમાત્ર 'તું હી તું હી'નું રટણ રહે, જીવન આખું તારી આજ્ઞાપાલનમાં વ્યતીત થાય, સર્વ કાર્યનો આરંભ અને અંત તારા અને તારા બોધ-સ્મરણથી થાય. અને અંતે આત્મા-પરમાત્માના એકરૂપ થઈ જવારૂપ પરાભક્તિને પામું.

પ્રભુના માર્ગે નિષ્ઠાપૂર્વક ચાલતાં શું ફળ મળે તેની વાત આનંદઘનજી અંતિમ ગાથામાં કરે છે :

**ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફળ તતસાર રે;**
**તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે.**
**- ધરમ પરમ અરનાથનો૰ ૯**

**શબ્દાર્થ :** આપ ધર્મરૂપી તીર્થના પ્રવર્તાવનાર ચક્રવર્તી છો. આપના તીર્થનું ફળ તત્ત્વોના સારની પ્રાપ્તિ છે. જે આ તીર્થને સેવે છે તે નિશ્ચિતપણે આનંદઘન પદને પામે છે. (ચક્રી = ચક્રવર્તી; તીરથતણો = તીર્થના; તતસાર = તત્ત્વનો સાર; લહે = પામે; નિરધાર = ચોક્કસ, અવશ્ય, નિશ્ચિતપણે)

**ભાવાર્થ :** શ્રી અરનાથ ભગવાન પહેલાં તો છ ખંડના અધિપતિ-ચક્રવર્તી હતા. પણ તેનો ત્યાગ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થંકર-તીર્થના કરનાર બન્યા, એટલે કે ધર્મચક્રના પ્રવર્તાવનાર ધર્મચક્રી થયા.

સંસારસાગરમાં ડૂબતા જીવોને તારે તે તીર્થ. પ્રભુએ ચતુર્વિધ સંઘરૂપ તીર્થની અને વ્યવહાર-નિશ્ચયરૂપ અનેકાંતમય મોક્ષમાર્ગરૂપ તીર્થની સ્થાપના કરી તરવાનો માર્ગ બતાવ્યો. જે આસન્નભવ્ય જીવ નિરંતર પ્રભુની આજ્ઞામાં રહી આ તીર્થને પોતાના આત્મકલ્યાણ માટે નિરંતર ઉલ્લાસપૂર્વક સેવે છે તેને નવ તત્ત્વના સારરૂપ સ્વાત્મોપલબ્ધિરૂપ ઉત્તમ ફળ મળે છે. તે મહાત્મા નિર્ધારિતપણે, અવશ્ય આનંદના પીંડરૂપ, પરિપૂર્ણ આનંદઘન દશાને પામે છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી, એમ કહી આનંદઘનજી સ્તવનની પૂર્ણાહુતિ કરે છે.

શુદ્ધનયની સ્થાપનારૂપ અરનાથ પ્રભુના પરમ ધર્મને આનંદઘનજીએ સ્તવન દ્વારા આપણા સુધી પહોંચાડ્યો તે માટે તેમને કોટિ કોટિ વંદન. આપણે સૌ વ્યવહાર-નિશ્ચયની અનેકાંતમય સાધના દ્વારા અંતે તો સ્તવનમાં બતાવેલ શુદ્ધનયનો, નિશ્ચયનયનો આશ્રય કરી એકાંત, અભેદ, અખંડ ચૈતન્યજ્યોતિ અંતરમાં પ્રગટાવીએ અને ધર્મતીર્થના સારરૂપ આનંદઘન પદને પામીએ એ જ ભાવના સાથે આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ.

સ્તવનના અર્થ-ભાવાર્થમાં અલ્પજ્ઞતાવશ આનંદઘનજીના આશયથી કંઈપણ વિપરીત ભણાયું હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમાયાચના...

**॥ ઈતિ શ્રી અરનાથ જિન સ્તવન**
**વિવેચન સમાપ્તમ્ ॥**

• • •

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

૮ શંકાદિ દોષ + ૮ મદ + ૬ અનાયતન + ૩ મૂઢતા = ૨૫ સમ્યક્ત્વના દોષ

સમ્યક્ત્વના પચ્ચીસ દોષમાંથી ૮ શંકાદિ દોષ, ૮ મદના દોષ અને ૬ અનાયતન દોષની જાણકારી ગત અંકોમાં આપેલ. હવે, પચ્ચીસ દોષમાંથી ૩ મૂઢતા દોષનું વિશ્લેષણ આ અંકમાં જોઈશું.

## ત્રણ મૂઢતાઓ

મૂઢતાનો અર્થ છે - અજ્ઞાનવશ, વિપર્યાસ-બુદ્ધિના કારણે વિપરીત આચરણ કે માન્યતા રાખવી. જગતના બાળ અજ્ઞાની જીવો સાચા દેવ, સાચા ગુરુ તથા સાચા ધર્મ આદિને ન જાણવાના કારણે તેમના સંબંધિત તેમના જ નામથી વિપરીત ક્રિયાઓ તથા માન્યતાઓ ધરાવે છે અને આ જ જગતના પ્રાણીઓનું મૂઢપણું છે.

**(૧) દેવમૂઢતા :** નિર્દોષ, સર્વજ્ઞ, સહજાનંદમય પરમાત્માના સ્વરૂપને ન જાણવાના કારણે તથા પોતાના લૌકિક પ્રયોજનવશ રાગી-દ્વેષી ભૈરવનાથ, ચંડિકા આદિ દેવી-દેવતાઓની પૂજા-આરાધના કરવાં તે દેવમૂઢતા કહેવાય છે.

વાસ્તવમાં તો લૌકિક પ્રયોજન પણ આ દેવી-દેવતાઓથી પૂરા થઈ શક્તા નથી કારણ કે વ્યક્તિ જે કંઈ પણ પ્રાપ્ત કરે છે તે તેના પૂર્વના ધર્મ પુરુષાર્થથી ઉત્પન્ન પુણ્યકર્મનું પરિણામ છે. જો પુણ્યનો ઉદય ન હોય તો દેવી-દેવતાઓનું વરદાન પણ નિષ્ફળ જાય છે તથા જો પુણ્યનો ઉદય હોય તો દેવી-દેવતાઓનો શાપ પણ કોઈ અસર કરતો નથી. પરંતુ કર્મ-સિદ્ધાંતના આ રહસ્યને ન જાણવાના કારણે લોકો આ કુદેવાદિની પૂજા-ભક્તિ કરીને પોતાનું મિથ્યાત્વ તથા અજ્ઞાનને પુષ્ટ કરે છે તથા તેના ફળસ્વરૂપ રાગી-દ્વેષી થઈ સંસારપરિભ્રમણ કરે છે. જો કોઈને વાસ્તવમાં લૌકિક વૈભવ જ જોઈતો હોય તો તેના માટે પણ વીતરાગી દેવની પૂજા-આરાધના એ જ તેનું શ્રેષ્ઠ નિમિત્ત છે. મારા વીતરાગી પ્રભુ સ્વયં તો કોઈ પર પ્રસન્ન થતા નથી પરંતુ તેમની ભક્તિ, ઉપાસના કરવાથી અતિશય પુણ્યબંધ થાય છે, જેનાથી ઉત્તમ ભોગની લૌકિક સામગ્રીઓ મળે છે. એક વાત જરૂર છે કે જો સકામભાવથી તેમની આરાધના કરવામાં આવે તો ઓછો પુણ્યબંધ થાય છે તથા નિષ્કામભાવથી - તેમની વીતરાગતાના અનુરાગથી જો ભક્તિ ઉત્પન્ન થાય તો તેનાથી અતિશય પુણ્યનો બંધ થાય છે. જગતના શ્રેષ્ઠ પદો જેમકે દેવેન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી આદિ બધા વીતરાગ દેવની ઉપાસનાનું જ ફળ છે તથા પરંપરાથી આ નિષ્કામ ભક્તિથી શાશ્વત આનંદ સ્વરૂપ મોક્ષધામની પ્રાપ્તિ પણ થાય છે. તેથી હે ભવ્યો! સર્વ જગતના પ્રપંચોનો ત્યાગ કરી એક વીતરાગદેવની ભક્તિમાં તન્મય થાઓ. એ જ મુક્તિનો ધુરંધર માર્ગ છે.

**(૨) ગુરુમૂઢતા :** સાચા નિર્ગ્રંથ ગુરુની ઓળખાણ ન હોવાના લીધે તથા પોતાના લૌકિક માન, ધનાદિની આશાથી અથવા આપણું અનિષ્ટ આદિ થઈ જવાના ભયથી રાગી-દ્વેષી, મિથ્યાવેશધારી કુગુરુઓની સેવા, માનતા, ભક્તિ, વંદના આદિ કરવાં તે ગુરુમૂઢતા કહેવાય છે.

જગતના સામાન્ય અજ્ઞાની પ્રાણી મંત્ર-તંત્ર કરનારા, ભવિષ્ય જોનારા, વિભિન્ન કૌતુક કરનારા આદિ ઢોંગી, પોતાનો નિહિત સ્વાર્થ સાધનારા કુગુરુઓને જ ગુરુ માનીને તેમની ભક્તિ આદિ કરે છે. તેનાથી તે ગુરુ તથા તેમના ભક્ત બન્ને પાપ

કરીને સંસારસાગરમાં પરિભ્રમણ કરતા રહે છે. માટે હે ભવ્ય જીવો ! સાચા વીતરાગી મહાત્માઓને જાણો તથા તેમની સેવાભક્તિ-શરણ, આશ્રયાદિ કરો એ જ કલ્યાણનો સુગમ, સરળ અને ઉત્તમ માર્ગ છે.

(૩) **લોકમૂઢતા :** નદીસ્નાન, તીર્થસ્નાન, વડઆદિ વૃક્ષોની પૂજા, સર્પની પૂજા, પૂર્વજોને નૈવેદ્ય આપવા, શ્રાદ્ધ કરવું ઈત્યાદિથી પુણ્યફળ મળે છે એવી માન્યતા રાખી તેમની સેવા-પૂજા આદિ કરવાં તેને લોકમૂઢતા કહેવાય છે.

જો ગંગા આદિ નદીઓમાં સ્નાન કરવાથી પુણ્યફળ મળતું હોય તો તે નદીમાં રહેતી બધી માછલીઓ આદિ જળચર પ્રાણી મહાપુણ્યવાન બને અને તે બધા સ્વર્ગના ઈન્દ્રઆદિ મોટા મોટા દેવ બને તો પછી ધર્મ કરવાથી શો લાભ ? જો સ્વર્ગ જ પ્રાપ્ત કરવું હોય તો ગંગા કિનારે જ ઘર બનાવીને રહો અને રોજ સ્નાન કરો ! હકીકતમાં તો સ્નાન કરવું એ જ પાપકાર્ય છે. ભલે તે ગંગામાં કરો કે ઘરે, કારણ કે સ્નાન કરવાથી પાણીમાં રહેનારા અનેક જીવોની હિંસા થાય છે. માટે નિર્ગ્રંથ મુનિરાજ સ્નાન કરતા નથી. ગૃહસ્થ વ્યક્તિ અનેક પાપ કરે છે તેથી તેને શારીરિક સ્વાસ્થ્ય તથા સ્વચ્છતા માટે સ્નાન કરવું પડે છે પરંતુ તેનાથી તેને કોઈ પુણ્ય થતું નથી.

વડનું ઝાડ, તુલસી આદિની પૂજા કરવાથી પુણ્યની પ્રાપ્તિ થતી નથી કારણ કે આ બધા ઝાડ તો એકેન્દ્રિય જીવ છે. આપણાથી પણ નિમ્ન કોટીના છે. તેમને દેવ માનવા તે આપણી મિથ્યામાન્યતા છે. હા, વાતાવરણની શુદ્ધિ આ વૃક્ષોથી થાય છે એટલો ઉપકાર તો તેમનો માનવો જોઈએ પરંતુ તેમની દેવ માનીને પૂજા કરવી તે અજ્ઞાનતા તથા મૂઢતાનું દ્યોતક છે.

સર્પ એક ક્રોધી પશુયોનિનો જીવ છે. તે આપણું શું ભલું કરી શકવાનો હતો ? તેથી તેની પણ પૂજા કરવી તથા તેને દૂધ પીવડાવી પુણ્યની આશા કરવી વ્યર્થ છે. હા, તેને એક તુચ્છ અસહાય પ્રાણી જાણીને તથા તેની અંદર પણ આપણા જેવો જ આત્મા છે તે દૃષ્ટિથી દૂધ પીવડાવો તો કોઈ વિશેષ નુકસાન નથી પરંતુ તેને ધર્મ કે પુણ્યકાર્ય માનવું તે મિથ્યા માન્યતા છે.

શ્રાદ્ધ કરવાથી આપણા પૂર્વજોનો ઉદ્ધાર થાય છે તે માન્યતા પણ સર્વથા મૂઢતાપૂર્ણ તથા વિપરીત છે કારણ કે પ્રત્યેક પ્રાણીનો ઉદ્ધાર તેના પોતાના ભાવો કે કર્મોના કારણે થાય છે. કર્મ પુત્ર કરે અને ફળ પિતાને મળે એવી જગતમાં કોઈ વ્યવસ્થા નથી. જે વ્યક્તિ કર્મ કે ભાવ કરે છે ફળ પણ તેને જ મળે છે. તેથી શ્રાદ્ધ કરવાથી અમારા પૂર્વજોનો ઉદ્ધાર થશે એ માન્યતા માત્ર મૂઢતા છે. જો વ્યક્તિ શ્રાદ્ધ કરીને બીજા યોગ્ય પાત્રોને દાનાદિ કરે તો તેને પોતાને તેનું પુણ્યફળ જરૂર મળે છે, ન કે તેના પૂર્વજોને. તેથી ઉપરોક્ત માન્યતાઓનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

આ રીતે ઉપરોક્ત ત્રણેય મૂઢતાઓને મિથ્યાત્વનું રહેઠાણ, પાપનું ઠેકાણું તથા દુર્ગતિઓનું કારણ માનીને શીઘ્રાતિશીઘ્ર તેનો ત્યાગ કરી દેવો જોઈએ. આ જ વીતરાગી મહાત્માઓની આજ્ઞા છે.

આપણે પૂર્વોક્ત રીતે સમ્યક્દર્શનના આઠ અંગો તથા ૨૫ દોષો વિશે સંક્ષિપ્તમાં જાણ્યું. નિઃશંકિત્વ આદિ અંગોને ધારણ કરવાથી તથા શંકાદિ ૨૫ દોષોનો ત્યાગ કરવાથી આપણું સમ્યક્ત્વ નિર્દોષ, સ્થાયી તથા વિશુદ્ધ થાય છે. એવી દૃઢ શ્રદ્ધા તથા જ્ઞાન કરીને આઠ અંગોને આત્મામાં ધારણ કરી તથા તે ૨૫ દોષોને આત્મામાંથી બહાર કાઢીએ એ જ આને જાણવાનો પારમાર્થિક લાભ છે.

**(ક્રમશઃ)**

# દિવાળી

ભાનુબેન ઘરમદાસ શાહ

પરિવર્તન સંસારનો નિયમ છે. તે પ્રમાણે રોજની એકસરખી જિંદગી જીવતા માણસને તહેવારો, ઉત્સવો પરિવર્તન આપે છે. આથી આગલા દિવસોના કાર્યોનો થાક ઉતરી જાય છે અને પુનઃ જીવન જીવવા માટે નવું જોમ, નવી તાકાત આવે છે.

આમ જુઓ તો ભૌતિક રીતે દિવાળીનું મૂલ્ય - રજાના દિવસોમાં હરો ફરો અને મજા કરો, નવાં કપડાં ખરીદો, નવી ઘરવખરી ખરીદો, મેવા-મીઠાઈ આરોગો, એકબીજાને ઘેર જાઓ, બહારગામ ઉપડી જાઓ, યાત્રાનું આયોજન કરો અને ભક્તિમય દિવસો પસાર કરો, ફટાકડાં ફોડો, અલગ સ્વાદના નાસ્તા બનાવો, ઘરને રંગરોગાન કરી નવો દેખાવ આપો, કચરાં સાફ કરો, વાસણને ચકચકિત કરો, રંગોળી બનાવો, તોરણિયાં બાંધી ઘરને સુશોભિત કરો, રાત્રે દીવા કરો અને ઘરની અંદર - બહાર બધું પ્રકાશિત કરો વગેરે લગભગ બધા જ કુટુંબો કરતા હોય છે.

આધ્યાત્મિક રીતે દિવાળીનું મૂલ્ય અનેરું છે. આપણે કહીએ છીએ કે Time and tide wait for none. એ મુજબ ૩૬૫ દિવસનો વીંટલો વાળીને, તેને પૂરા કરીને દિવાળી જૂના વિક્રમ સંવતના વર્ષને સમાપ્ત કરે છે અને તેની જગ્યાએ નૂતન વર્ષના દિવસો ગોઠવાઈ જાય છે. વીતેલાં વર્ષમાંથી ધડો લઈને માણસો નવા નવા સંકલ્પો કરે છે અને તે પૂરા કરવાની મથામણમાં 'આરંભે શૂરા'ની જેમ લાગી પડે છે.

નવું વર્ષ આપણને એ શીખવે છે કે આપણાં આયુષ્યમાંથી એક વર્ષ ઓછું થયું. વેપારી રૂ.માં જેમ નફા-તોટાનો હિસાબ કાઢે છે અને નફો થયો હોય તો વેપારમાં વૃદ્ધિ કરવાનું વિચારે છે તેમજ ખોટ ગઈ હોય તો થયેલી ભૂલોને સુધારીને નવેસરથી વેપાર શરૂ કરે છે. ગત વર્ષ દરમ્યાન આપણે કેટલા નવા સંબંધો બાંધ્યાં ? તેને પૂરેપૂરા નિભાવ્યાં ? જેની સાથે વેરઝેર રાખીને બોલતા નો'તા તેની સાથે સાચા દિલથી બોલવાનું શરૂ કર્યું તે વિચારવાનું છે. આપણા સમાજમાં રહેતા એક માનવનો બીજા માનવ સાથેનો મુખ્ય ધર્મ એ જ છે કે સૌ સાથે પ્રેમથી રહો, હળીમળીને રહો, ત્યાંજ માનવતા છે. આ બાબત આપણા જીવનનું સરવૈયું છે અને તેમાં ફાયદો કે ખોટ તેનો વિચાર કરવાનો છે.

''દાન, શીયળ, તપ, ભાવના, ધર્મના ચાર પ્રકાર;
કરો, આરાધો, ભાવથી, તો ઉતરશો ભવપાર.''

કોઈપણ ધર્મમાં દાનનો મહિમા અપાર છે. ભગવાને તમને જેટલું આપ્યું છે તેમાંથી તમારી શક્તિ અને ઇચ્છા પ્રમાણે ત્યાગો, લોભવૃત્તિ છોડો અને જરૂરિયાતવાળાને આહારદાન, આવાસદાન, ઔષધદાન, વસ્ત્રદાન, જ્ઞાનદાન નિરભિમાનથી આપો. આપેલી મદદને યાદ ન રાખો. આપણું ચારિત્ર્ય અણિશુદ્ધ પવિત્ર હોવું જોઈએ એનું પણ ધ્યાન રાખો. આખા વર્ષ દરમ્યાન, બાર પ્રકારના તપમાંથી કયાં તપ અપનાવ્યાં ? કર્મોની નિર્જરા કરી આત્માને હળવો કર્યો ? ઉચ્ચ ગતિમાં જવા માટે તૈયાર કર્યો એ ખાસ વિચારવાનું છે. સર્વ જીવનું કલ્યાણ થાય અને સર્વ જીવ ધર્મધ્યાન કરીને સુખી થાય તેના માટે આપણે જ ભગવાનને પ્રાર્થના કરવાની છે. માનવ તરીકેની આપણી આ ઉચ્ચતમ ફરજ છે. આ ચાર પ્રકારના ધર્મનો વ્યવહારથી અને નિશ્ચયથી કરેલો ઉપયોગ ભવસાગર પાર કરવામાં ઘણો જ સહાયક છે. તેથી આ ચાર ધર્મો સૌએ

અખંડપણે નિભાવવાં જોઈએ.

આપણા જન્મદાતા અને આપણા વિકાસ માટે પોતાના જીવનનો ભોગ આપનારા માબાપની તેમના જીવનકાળ સુધી સેવા કરવાની છે. ઘરડાંઘરોની સંખ્યા વધી એટલે આપણને તેમાં મૂકી દેવાની ઈચ્છા થાય એ આપણા માટે કલંકરૂપ છે. તેઓનું દિલ ન દુભાય તે રીતે તેઓને પ્રેમ અને હૂંફ આપીને સાચવવાનાં છે. મા-બાપની આંખડી ભીંજાય નહીં તેનું ધ્યાન રાખવાનું છે.

પોતાના ધંધામાં કામ કરતા કર્મચારીઓને બોનસ, મીઠાઈ આવા શુભ પ્રસંગે આપવાં જ જોઈએ. વેપારમાં બરકત લાવનાર કર્મચારીઓ જ માલિકના હાથપગ છે. તેમને આ બધું આપીને પર્વ સરસ રીતે ઉજવવાનો મોકો આપવાનો દરેક માલિકનો ધર્મ છે. તેઓને ઘરના સભ્યોની જેમ જ 'પોતાપણા'નો અહેસાસ કરાવવાનો છે.

દિવાળી જેવા મંગલ પ્રસંગે દેરાસરમાં, ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીજીના દર્શન કરવાં અને તેમના પવિત્ર મુખે માંગલિક સાંભળવા અવશ્ય જવું જોઈએ. ઉપરોક્ત કાર્યોથી પુણ્યકર્મોનું ભાથું ભેગું થાય છે અને આગલા જન્મમાં તે કામ લાગે છે. આનાથી પુણ્ય બંધાય છે અને આત્મા પર લાગેલાં કર્મો થોડાં ઓછા થાય છે. આપણા સંપર્કમાં આવતા સર્વજનો સાથે શુભ અને વિનયયુક્ત વહેવાર દિવાળી ઉજવણીની સફળતા અને સાર્થકતા ગણાય છે.

દિવાળીની રોનક ઘેર ઘેર દીવડાં પ્રગટાવીને કરવામાં આવે છે. આ જ દિવસે રાત્રે આપણા ચરમ અને પરમ તીર્થંકર મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા. ચંદ્ર વગરની ઘોર અંધારી રાત્રિએ જગતમાં અંધકાર છવાઈ ગયો. આ અંધકારને મિટાવવા લોકો દીવડાં પ્રગટાવીને જગતમાં પ્રકાશ ફેલાવે છે. આ બાહ્ય પ્રકાશ રોશની તો આપે છે પણ ખરેખર આત્મદીપ પ્રગટાવવાની જરૂર છે. બહારની રોશની ક્ષણભરની અને કામચલાઉ છે; જ્યારે ભીતરમાં પ્રગટેલો પ્રકાશ, અજવાસ કાયમનો છે. તેની અસર જિંદગીભર છૂટતી નથી. ભગવાન છઠ્ઠ (બે ઉપવાસ) સાથે રાત્રે પાવાપુરીમાં નિર્વાણ પામ્યા ત્યારે ઘણા રાજાઓએ પણ છઠ્ઠ કરેલા. તેથી આ દિવસે તપનો મહિમા ઘણો છે. તપ દેહાધ્યાસ છોડાવીને, આત્માને ઉજ્જવળ કરે છે. ખાવુંપીવું, પહેરવું, ઓઢવું વગેરે બાહ્ય આનંદ છે. જ્યારે તે દિવસે અન્ન-પાણીનો ત્યાગ કરીને, સાદાઈ સંપૂર્ણ રીતે અપનાવીને, સર્વ કામોમાંથી નિવૃત્તિ લઈને, ધર્મસ્થાનકમાં રહેવું, પૌષધવ્રત કરવું, એક દિવસ સાધુનું જીવન જીવવું તે સાચો આંતરિક અને આત્માનો આનંદ છે. મહાવીર સ્વામીનો ઉપદેશ, **'અહિંસા પરમો ધર્મ' 'જીવો અને જીવવા દો'** સ્થૂળ અને સૂક્ષ્મ બંને હિંસા કરતા રોકે છે. ''સૌને જીવવું છે, જીવવાનું ગમે છે અને જીવવાનો સૌને અધિકાર છે.'' તેનું સૌએ બરાબર પાલન કરવું જોઈએ. પ્રભુએ પરિષહ અને ઉપસર્ગોને સહન કર્યા. તેઓને જેમણે જેમણે દુઃખ દીધું, કષ્ટો આપ્યા, પરીક્ષા કરવા હેરાન કર્યા છતાં તેઓએ સૌને મિત્રો બનાવીને ક્ષમા આપી. આપણે પણ આ ક્ષમાના પાઠ શીખવાના છે, મિત્ર સમ ગણીને મિત્રતા દાખવવાની છે. ''मित्ती मे सव्व भुएसु, वेरं मज्झं न केणई'' આ સૂત્રને કાયમ માટે જીવનમાં અપનાવવાનું છે અને સુસંવાદી રીતે સૌ સાથે જીવવાનું છે.

મહાવીર સ્વામી માનતા હતા કે પાંચ ઈન્દ્રિયોનું સુખ, ધનવૈભવ, વિલાસ, વિષય-આસક્તિ દુઃખદાયક છે અને સત્ય, અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય, બ્રહ્મચર્ય શાશ્વત સુખ દેનારા છે. આ પાંચ વ્રતો જીવનને સફળ બનાવે છે અને મોક્ષનો માર્ગ મોકળો કરે છે. ૭૨ વર્ષ સુધી મહાવીર સ્વામીએ જે અખંડ આત્મસાધના કરી અને અભંગ આનંદને પોતાના આત્મામાં અનુભવ્યો, તે નિષ્કારણ કરુણાશીલતા અને પ્રેમથી જગતના લોકોને શાશ્વત સુખ આપવા માટે આત્મપિછાણનો સુંદર પંથ

બતાવ્યો. તેમની ચિરવિદાય તેમના આધ્યાત્મિક સિદ્ધાંતોમાં હંમેશાં દીર્ઘજીવી રહેશે અને દુનિયાના લોકોને સાચા સુખશાંતિનો અનુભવ કરાવતી રહેશે. દિવાળી, દીપોત્સવી કે દીપાવલીનો મુખ્ય સંદેશ 'तमसो मा ज्योतिर्गमय' છે.

મહાવીર સ્વામીની વાત આટલા ભક્તિભાવથી આપણે કરીએ ત્યારે તેમના પ્રથમ શિષ્ય ગૌતમ ગણધરને કેમ ભુલાય ? તેઓ મહાજ્ઞાની, વિદ્વાન, પંડિત, શાસ્ત્રપારંગત, શાસ્ત્રાર્થ વિજેતા અને પ્રભુના સંગી હતા. તેમની તમામ શંકાઓને પ્રભુએ નિર્મૂળ કરી હતી. તેઓ મૂંઝાતા ત્યારે પ્રભુને પ્રશ્નો પૂછ્યા કરતા અને સંતોષકારક જવાબો મેળવીને પ્રભુ પ્રત્યે ભક્તિવૃદ્ધિ કરતા. ગૌતમસ્વામીને પ્રભુ પર પ્રશસ્ત રાગ હતો. તેથી પ્રભુએ તેમને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા પોતાનાથી દૂર મોકલ્યા. તેઓ નિર્વાણ પામ્યાના સમાચાર જાણીને ગૌતમ સ્વામીને દુઃખ થયું. ત્યારબાદ તેમને વિચાર આવ્યો કે પ્રભુ તો નીરાગી, નિર્મોહી હતા. તેમને ક્યાં કોઈપર રાગ કે મોહ હતા ! વિચારે ચડતા વહેલી સવારે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એટલેજ દિવાળીની રાત્રે અને પાછલી સવારે આપણે માળા ફેરવીએ છીએ અને બંનેને યાદ કરીએ છીએ. **''મહાવીર સ્વામી પામ્યા નિર્વાણ, ગૌતમને થયું કેવળજ્ઞાન''** ગૌતમ સ્વામીને આપણે રોજ માંગલિક બોલતી વખતે યાદ કરીએ છીએ.

આ રીતે પ્રભુના જ્ઞાની, વિવેકી, કહ્યાગરા, પ્રશસ્ત રાગી, ગૌતમ ગણધરને આપણે ખૂબ ભાવથી યાદ કરીએ અને તેમના જેવો પ્રભુપ્રેમ અને તેમના સદ્‌ગુણો, લબ્ધિઓને યાદ કરીને તેમના જેવા થવાનો પુરુષાર્થ આદરીએ.

આ દિવસે બીજા એક આધ્યાત્મિક પુરુષ ભગવાન શ્રી રામને પણ ભક્તિપૂર્વક યાદ કરવાના છે. હિંદુઓના પ્રાણથીય પ્યારા અને શ્રદ્ધેય દેવ છે. તેઓ આ દિવસે ૧૪ વર્ષનો વનવાસ પૂરો કરીને, રાવણ જેવા આસુરી તત્ત્વોનો નાશ કરીને, લક્ષ્મણ તથા સીતા સાથે અયોધ્યા પાછા ફર્યા હતા. પોતાના પ્રિય રામનો ચૌદ વર્ષ સુધી વિયોગ વેઠીને દુઃખી થયેલા સૌ પ્રજાજનોએ આનંદ, ઉલ્લાસ મનાવીને શ્રી રામના સ્વાગત માટે નગરમાં બધે ઘીના દીવા પ્રગટાવ્યા હતા. આસો વદ અમાસની ઘોર અંધારી રાત્રિ દીવડાઓના પ્રકાશથી ઝગમગી ઉઠી, સર્વત્ર રોશની ઝાકઝમાળ થઈ ઉઠી. શ્રી રામે એકપત્ની-વ્રત પાળ્યું, રાજસિંહાસનના બદલે પિતાના આદેશથી ચૌદ વર્ષ વનવાસ વેઠ્યો. સીતાની ગેરહાજરીમાં રાજા હોવા છતાં ધરતીને પોતાનું બિછાનું બનાવ્યું, ધોબીના કહેવાથી રાજધર્મ નિભાવવા માટે સીતાનો સગર્ભા હોવા છતાં ત્યાગ કર્યો. સીતાનો વિરહ અશ્રુઓ સાથે સહેતા રહ્યા, સીતાની અગ્નિપરીક્ષા પણ લીધી. એટલે રામનો સંદેશ આપણે ઝીલવાનો છે અને યથાશક્તિ **''પ્રાણ જાઈ અરુ વચન ન જાઈ''** એ શીખવાનું છે. મહાપુરુષો વનવાસને પણ મહેલ જેવો ગણીને આનંદથી રહેતા હોય છે, માધ્યસ્થભાવે જીવે છે એ પણ આચરણમાં ઉતારવાનું છે. તટસ્થ રહીને શ્રીકૃષ્ણ કથિત 'ભગવદ્‌ગીતા'ને આપણા જીવનમાં બરાબર પચાવવાની છે. મહાન સમાજસુધારક દયાનંદ સરસ્વતીએ પણ આ જ દિવસે દેહત્યાગ કર્યો હતો. સ્વામી રામતીર્થ પરમહંસનો જન્મ અને જળસમાધિ આ દિવસે જ થયા હતા. શીખોના છઠ્ઠા ધર્મગુરુ હરગોવિંદજી અને પરાક્રમી રાજા વિક્રમાદિત્યએ પણ આજના દિવસે વિજયપર્વ મનાવ્યું હતું.

સંક્ષેપમાં આ બધા મહાપુરુષોના લીધે દિવાળીનું આધ્યાત્મિક મૂલ્ય ઘણું વધી જાય છે. આવા મહાપુરુષોના જીવન લોકો માટે પ્રેરક અને પ્રોત્સાહક બને એ જ અભિલાષા છે. ■ ■ ■

**માનવતાના ચાર લક્ષણ :**
**(૧) ધર્મ તરફ લઈ જનારી નીતિ, (૨) નમ્રતા, (૩) પ્રામાણિકતા, (૪) પરોપકાર.**

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

**(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)**

(૧) પુસ્તકનું નામ : **SELECTED 100 - LETTERS**

અંગ્રેજી અનુવાદ : શ્રી દીનુભાઈ મૂળજીભાઈ પટેલ (નિવૃત્ત પ્રાધ્યાપક, એલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈ)

મૂલ્ય : રૂા. ૫૦/- ● પાના : ૧૨૪

પ્રકાશક : Shrimad Rajchandra Prabhavak Trust
31, First Floor, Akkipet Main Road, Bangalore - 560053.

આકર્ષક મુખપૃષ્ઠ તેમજ સારા કાગળનો ઉપયોગ કરેલ છે. આ પુસ્તકમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મ સાક્ષાત્કાર થયા બાદ તેઓના ભક્ત શિષ્યોને લખેલા ૧૦૦ પત્રોનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. છેલ્લા પાનામાં પારિભાષિક શબ્દોના અર્થ આપવામાં આવ્યા છે. અંગ્રેજી ભાષા જાણનાર માટે આ પુસ્તક ઉપયોગી થાય તેવું છે. આત્મકલ્યાણ અર્થે તેનો ઊંડો અભ્યાસ કરવા વિનંતી છે.

---

(૨) પુસ્તકનું નામ : **દંડક વિવેચન**

મૂલ્ય : રૂા. ૨૦/- ● આવૃત્તિ : ત્રીજી ● ૧૦૦૦ નકલ

પ્રાપ્તિસ્થાન : (૧) જિનાજ્ઞા આરાધક પરિવાર, C/o. જયેન્દ્રભાઈ શાંતિલાલ પુનાતર
ફોન (૦૨૮૮) ૨૫૬૧૯૬૩, (મો.) ૯૪૨૭૯૭૯૮૦૧
(૨) જૈન દર્શન સ્વાધ્યાય સંઘ, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૨૬૫૬૧૫૪૬

આ પુસ્તકમાં લઘુદંડક તરીકે ઓળખાતા થોકડા અંતર્ગત તેના ૨૪ દ્વાર, જીવના ૫૬૩ ભેદોનું સૂક્ષ્મ, કોઠાસહિત અને સુંદર રીતે સમજૂતી આપવામાં આવી છે.

---

(૩) પુસ્તકનું નામ : **ધોવણ પાણી જીવદયાનો અદ્‌ભુત ખજાનો** (ગુજરાતી તથા હિન્દી)

મૂલ્ય : નિશુલ્ક ● આવૃત્તિ : ચોથી ● ૪૦૦૦ નકલ

પ્રાપ્તિસ્થાન : શ્રી મહેશભાઈ એસ. પુનાતર, જામનગર. ફોન : (૦૨૮૮) ૨૫૬૧૮૮૪,
શ્રી પ્રફુલ્લભાઈ દેઢિયા - ફોન : (૦૨૮૮) ૨૫૬૧૩૭૭ (મો.) ૯૪૨૭૭૬૯૭૦૯

આ પુસ્તકમાં સચેત પાણીને બદલે અચેત (ધોવણ) પાણી પીવાથી થતા લાભોનું તથા રાખ (રખિયા)ના ઉપયોગથી થતા વિવિધ ફાયદાઓનું વર્ણન છે. ધોવાણ પાણી બનાવવાની રીત વર્ણવી છે. વાસણ માંજવામાં ડિટર્જન્ટ પાવડર કે સાબુના બદલે રાખનો ઉપયોગ કરવા પર ભાર મૂકેલ છે. રાખની જરૂરિયાતવાળાને રાખની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવશે.


---

(૪) **જિનસ્તુતિ** મૂલ્ય : પ્રભાવના અર્થે નિઃશુલ્ક

પ્રાપ્તિસ્થાન : મહેન્દ્રસિંહ રાણા, ટી. ટી. લિમિટેડ, ૮૭૯, ટી.ટી. ગારમેન્ટ પાર્ક,
ઈસ્ટ પાર્ક રોડ, કરોલ બાગ, નવી દિલ્હી - ૧૧૦૦૫. ફોન : ૦૧૧-૪૫૦૬૦૭૦૮
૦-૯૮૯૯૧૭૦૭૧૭, E-mail : msrana@tttextiles.com

આ પુસ્તિકામાં જૈનધર્મનો પ્રાથમિક પરિચય, નિયમાવલી જૈન ભજન વગેરેનો સંગ્રહ છે. પ્રભાવના અર્થે જોઈએ તેટલી પુસ્તિકાઓ નિઃશુલ્ક મળી શકે છે.

**(અનુસંધાન પાના નં. ૧૮ પર...)**



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## ફટાકડાં ફોડી, ના ભરશો પાપની ઝોળી

બાળમિત્રો,

દિવાળીનું પર્વ નજીક આવી રહ્યું છે. આ પર્વ દરમ્યાન ફટાકડાં ફોડીને આનંદ મેળવવાનો તમોને શોખ હશે, પરંતુ ક્ષણિક મનના આનંદ ખાતર આપણે કેટલું નુકસાન કરીએ છીએ તેનો તમને નીચેના મુદ્દાઓ વાંચવાથી ખ્યાલ આવશે :

(૧) ફટાકડાં ફોડવાથી ઝેરી ધુમાડો હવામાં ફેલાતાં વાતાવરણ પ્રદૂષિત બને છે.

(૨) ઝેરી ધુમાડો શ્વાસમાં જવાથી અસ્થમા જેવી અનેક બીમારીઓ થાય છે.

(૩) ફટાકડાંના જોરદાર અવાજથી કાનમાં બહેરાશ આવે છે.

(૪) ફટાકડાંના ભયંકર અવાજથી પશુ-પક્ષીઓ ડરીને ફફડી ઊઠે છે.

(૫) ફટાકડાં ફોડવાથી જમીન પર રહેલાં કીડી, મંકોડા જેવા જીવો તથા હવામાં રહેલા જીવો મરી જાય છે.

(૬) દયાના સંસ્કાર નાશ પામે છે અને પાપકર્મો બંધાય છે.

(૭) શરીર દાઝી જાય છે અને ક્યારેક મરણ પણ થાય છે.

(૮) પૈસાનો ખોટો બગાડ થાય છે.

(૯) કાગળના નાશથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

(૧૦) જીવોને ત્રાસ અને વેદના આપવાથી અશાતા વેદનીયકર્મ બંધાય છે.

(૧૧) નિર્દોષ અને અબોલ જીવોનું આયુષ્ય અકાળે સમાપ્ત કરવાથી આપણને અશુભ આયુષ્યકર્મ બંધાય છે.

(૧૨) ફટાકડાં ફોડીને અભિમાન કરતાં નીચ ગોત્રકર્મ બંધાય છે.

(૧૩) ફટાકડાં ફોડીને રાજી થવાથી મોહનીય કર્મ બંધાય છે.

(૧૪) અન્ય જીવોને જીવનવ્યવહારમાં અંતરાય કરવાથી અંતરાયકર્મ બંધાય છે.


(૧૫) ધર્મવિરુદ્ધ શ્રદ્ધા કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે.

(૧૬) અશુભ નામકર્મનો બંધ પડે છે, જેથી અપકીર્તિ મળે.

(૧૭) ઘોડિયામાં સૂતેલા નાના બાળકો ગભરાઈ જાય છે, તેઓના હૃદય નબળા પડી જાય છે.

તો આવો, આપણે સંકલ્પ કરીએ કે ક્યારેય દારૂખાનું ફોડીશું નહીં, ઘરમાં બીજા માટે ફટાકડાં લાવીશું નહીં, કોઈ ફોડતું હોય તો જોવા ઊભા રહીશું નહીં, કોઈ ફટાકડાં ફોડે તે જોઈને કદી રાજી થઈશું નહીં, ફટાકડાનું વેચાણ કરીશું નહીં, લગ્ન આદિ પ્રસંગો દરમિયાન ફટાકડાં ફોડીશું નહીં. ફટાકડાં ન ફોડીને આત્માને પાપથી ખરડાતા બચાવીશું, પ્રકૃતિને પ્રદૂષણથી બચાવીશું, જીવોને ભય અને મોતથી બચાવીશું. ફટાકડાં ફોડવાથી કદાચ મનને ક્ષણિક આનંદ મળે પણ ભવાંતરમાં આત્માની ભારે દુર્દશા થાય છે.

"દિવાળી આવી, દિવાળી આવી, કરવા કર્મોની હોળી,
નાના - મોટા બાળકો, ફટાકડાં ન ફોડીએ,
ફટાકડામાં પાપ છે, જીવજંતુને ત્રાસ છે."



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## THE WHITE ELEPHANT

Once upon a time, there lived a herd of eighty thousand elephants at the bottom of the majestic Himalayas. Their leader was a magnificent and rare white elephant who was an extremely kind-hearten soul. He greatly loved his mother who had grown blind and feeble and could not look out for herself. Each day this white elephant would go deep into the forest in search of food. He would look for the best of wild fruit to send to his mother.

It so happened that one day, when the white elephant was feeding he heard loud cries. A forester from Benaras had lost his way in the forest and was absolutely terrified. On seeing this big white elephant he was even more terrified and ran as fast as he could. The elephant followed him and told him not to be afraid, as all he wanted to do was to help him. The elephant told him not to worry as he knew every inch of this forest and could take him to safety. He then lifted him on to his back and carried him to the edge of the forest from where the forester went on his merry way back to Benaras.

On reaching the city, he heard that King Brahmadutta's personal elephant had just died and the King was looking for a new elephant. The forester was very excited and immediately went up to the King and told him about the white elephant that he had seen on Mount Candorana. The King was quite pleased with the information and immediately dispatched a number of soldiers and elephant trainers along with the forester. After travelling for many days, the group reached the lake besides which the elephants resided. The white elephant was collecting lotus shoots for his mother's meal and could sense the presence of humans. When he looked up, he spotted the forester and realized that it was he who had led the King's men to him. He was very upset at the ingratitude but decided that if he put up a struggle many of the men would be killed. And he was just too kind to hurt anyone. So he decided to go along with them to Benaras and then request the benevolent King to be set free.

That night when the white elephant did not return home, his mother was very worried. She had heard all the commotion outside and had guessed that the King's men had taken away her son. She was scared that the King would ride him in to battle and her son would definitely be killed. She was also worried that there would be no one to look after her or even feed her, as she could not see. She just lay down and cried bitterly.

Meanwhile her son was led in to the beautiful city of Benaras where he was given a grand reception. He did not respond to any kind of stimuli, be it the fragrant flowers or the beautiful and comfortable stable. He just sat there looking completely despondent. The worried trainers went straight to report the situation to their King, as they were

scared that the elephant would just waste away without any food or water. The King was extremely concerned when he heard what they had to say and went to the stable himself. He offered the elephant food from the royal table and asked him why he grieved in this manner.

But the white elephant replied that he would not eat a thing until he met his mother. So the King asked him where his mother was. The elephant replied that she was back home on Mount Candorana and must be worried and hungry as she was blind and had no one to feed her and take care of her. He was afraid that she would die.

The compassionate King was touched by the elephant's story and asked him to return to his blind, old mother and take care of her as he had been doing all along. He set him free in love and kindness. The happy elephant went running home as fast as he could. And he was relieved to find that his mother was still alive. He filled his trunk with water and poured it over his sick mother who thought that it was raining. The white elephant gently bent over his blind mother and stroked her lovingly. She immediately recognized his touch and was overjoyed. Her son lifted her up and told her that the kind and compassionate King of Benaras had set him free and he was here to love and look after his mother forever. His mother was absolutely thrilled and blessed the kind King with peace, prosperity and joy till the end of his days. She was so thankful to him for sending her son back home. The white elephant was able to take good care of his mother till the day she died. And when he died himself, the King erected a statue of him by the side of the lake and held an annual elephant festival there in memory of such a caring and noble soul.

**Moral:** Always give affection and care to our dear ones. Always respect other's feelings

## SMART MAN

A doctor, a lawyer, a little boy and a priest were out for a Sunday afternoon flight on a small private plane. Suddenly, the plane developed engine trouble. In spite of the best efforts of the pilot, the plane started to go down. Finally, the pilot grabbed a parachute and yelled to the passengers that they better jump, and he himself bailed out.

Unfortunately, there were only three parachutes remaining.

The doctor grabbed one and said "I'm a doctor, I save lives, so I must live," and jumped out.

The lawyer then said, "I'm a lawyer and lawyers are the smartest people in the world. I deserve to live." He also grabbed a parachute and jumped.

The priest looked at the little boy and said, "My son, I've lived a long and full life. You are young and have your whole life ahead of you. Take the last parachute and live in peace."

The little boy handed the parachute back to the priest and said, "Not to worry Father. The smartest man in the world just took off with my school bag."

**Moral:** Your job doesn't always define you, but being a Good Human being Does.

# જીવનમાધુર્ય : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૧**

**સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ**

નૂતન વર્ષ નિમિત્તે મોકલાતા મોંઘા Greeting Cards કે જેની માત્ર ઊડતી નજરે જોઈને ઉપેક્ષા કરવામાં આવે છે. તેને બદલે ઓછી કિંમતના પરંતુ સુંદર, પ્રેરક વિચારો ફેલાવતી આકર્ષક પુસ્તિકા ગ્રાહકો, મિત્રો, સ્નેહીઓને નૂતન વર્ષ નિમિત્તે કે માતા-પિતાના સ્મરણાર્થે, જન્મજયંતી કે અન્ય કોઈપણ સારા પ્રસંગે મોકલીએ તો, તેઓ તથા તેમના નિકટના સંબંધીઓ જરૂર વાંચે અને તેમાંથી તેમના જીવનમાં કોઈ સારા ગુણો જાગ્રત થઈ શકે.

આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા** દ્વારા છેલ્લા ૩૩ વર્ષથી દર વર્ષે દિવાળી પુસ્તિકાઓ બહાર પાડવામાં આવે છે. ગુજરાતી સમાજમાં ઘણી પ્રચલિત થયેલી આ પુસ્તિકાના લગભગ કુલ ૭૦,૦૦૦ નંગના ઓર્ડર આવે છે.

વિ. સં. ૨૦૭૧ની દિવાળી પુસ્તિકા **'જીવનમાધુર્ય'** (૪૦ પાના) તૈયાર થઈ ગઈ છે, જે સંસ્થાના કાર્યાલયમાંથી મળી શકશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પુસ્તિકાના પ્રકાશન અને વિતરણમાં નીચે મુજબના નિયમો-મર્યાદા રાખેલ છે :-

(૧) કવર સાથે **'જીવનમાધુર્ય'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૨૦/- |
| | ૧૦૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૪૪૦/- |

(૬) ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૧૫-૧૦-૨૦૧૪ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

# દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

કેટલા નંગનો ઓર્ડર છે ? ____________

નામ છપાવાનું છે ? ____________ હા ____________ના

નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.

| |
|---|
| |

તમારું ઇ–મેલ એડ્રેસ : ____________

ફોન નંબર : ____________

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી**
ડૉ. સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪
મો. ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ**
શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ**
પુષ્પવીલા, મીઠાખળી, ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
C/o. વિનોદ ટી સેન્ટર
મો. ૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭,
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮
મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ**
ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વી. શાહ**
૬૩, અમૃતપાર્ક, ગલી નં. ૪, 'અમીદૃષ્ટિ'
પંચવટી મેઈન રોડ, અતિથિ એપાર્ટમેન્ટ પાછળ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૫૦૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯,૯૯૨૫૪ ૦૯૨૧૦

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩
મો. ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૫૫૯૫૩૬,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde
   Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah
   Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji
   Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | વાર | વિગત |
|---|---|---|
| ૯-૧૦-૨૦૧૪ | ગુરુવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા પૂ. લઘુરાજસ્વામીનો જન્મદિવસ |
| ૨૧-૧૦-૨૦૧૪ થી ૨૪-૧૦-૧૪ | મંગળવાર થી શુક્રવાર | શ્રી દીપાવલી આરાધના શિબિર |
| ૨૮-૧૦-૨૦૧૪ | મંગળવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૬-૧૧-૨૦૧૪ | ગુરુવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતી |
| ૧-૧૨-૨૦૧૪ થી ૩-૧૨-૨૦૧૪ | સોમવાર થી બુધવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |
| ૧૫-૧૨-૨૦૧૪ | સોમવાર | શ્રી કુંદકુંદસ્વામીનો આચાર્ય આરોહણ દિન |

## આપણી સંસ્થામાં મલ્ટિસ્પેશ્યાલિટી મેડિકલ કેમ્પનું આયોજન

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા દ્વારા પરમશ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં આધ્યાત્મિક, શૈક્ષણિક, સાહિત્યિક પ્રવૃત્તિઓ ઉપરાંત, વખતોવખત સમાજકલ્યાણની પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. સમાજના લોકો ખાસ કરીને ગ્રામ્યજનો તથા જરૂરતમંદો માટે નિઃશુલ્ક મલ્ટિસ્પેશ્યાલિટી મેડિકલ કેમ્પનું સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવેલ છે. આ મલ્ટિસ્પેશ્યાલિટી મેડિકલ કેમ્પ **તા. ૩૦-૧૧-૨૦૧૪ના રોજ રવિવારના દિવસે સવારે ૯.૦૦ થી બપોરના ૨.૦૦** દરમ્યાન આયોજિત કરવામાં આવેલ છે.

આ કેમ્પની અંદર અલગ - અલગ સ્પેશ્યાલિસ્ટ દાક્તરો (૧) આંખના ડૉક્ટર, (૨) હાડકાના સર્જન, (૩) કાન-નાક-ગળાના સર્જન, (૪) મેડિસીન(હૃદયરોગના નિષ્ણાત), (૫) જનરલ સર્જન, (૬) ગાયનેક (સ્ત્રીરોગના નિષ્ણાત), (૭) ચામડીના રોગ (સ્કીન સ્પે.), (૮) માનસિક રોગ, (૯) દાંતના રોગોના નિષ્ણાત ડૉક્ટરશ્રીઓ પોતાની સેવાઓ આપશે.

તેમજ આ મલ્ટિસ્પેશ્યાલિટી મેડિકલ કેમ્પમાં સંપૂર્ણ શારીરિક તપાસ (ટોટલ બોડી ચેક-અપ), ઈ.સી.જી. (કાર્ડિયોગ્રામ) તથા બી.એમ.ડી. (હાડકાના કેલ્શિયમની તપાસ)નું પણ રાહતદરે આયોજન કરવામાં આવેલ છે. જરૂરિયાતમંદોને નિઃશુલ્ક ચશ્માનું પણ વિતરણ કરવામાં આવશે.

આ મલ્ટિસ્પેશ્યાલિટી મેડિકલ કેમ્પના આયોજનમાં આદ. શ્રી સ્વ. હેમેન્દ્રભાઈ બુલાખીદાસ શાહ (અમદાવાદ)ના આત્મશ્રેયાર્થે, તેઓશ્રીના પરિવારજનો તરફથી રૂપિયા ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે, જેની સંસ્થા અનુમોદના કરે છે.

આ મલ્ટિસ્પેશ્યાલિટી મેડિકલ કેમ્પમાં કોઈ પણ પ્રકારનો સહયોગ કરવા ઉત્સુક મુમુક્ષુઓ તેમજ ધર્મપ્રેમી ભાઈઓએ નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે : (૧) આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી -

૦૯૮૨૪૦૪૭૬૨૧ (૨) આદ.શ્રી જયંતિભાઈ જોબાલિયા(પુનાવાળા) - ૦૯૪૨૯૭૭૫૫૫૪ અથવા સંસ્થાના કાર્યાલયમાં ૦૭૯-૨૩૨૭૬૨૧૯માં સંપર્ક કરવા વિનંતી.

**નોંધ :** મેડિકલ કેમ્પ તથા રક્તદાન શિબિર વખતે સ્વયંસેવકોની જરૂર છે. જે ભાઈ-બહેનોને સેવા આપવાની ભાવના હોય તેઓએ શ્રી જયંતિભાઈ જોબાલિયા (પુનાવાળા)નો સંપર્ક કરવા વિનંતી છે.

## સંસ્થા દ્વારા સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન

આપણી સંસ્થામાં રક્તદાન શિબિરનું આયોજન છેલ્લા ૧૮ વર્ષથી કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ આપણી સંસ્થા દ્વારા પરમશ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં તેમના જન્મમંગળદિન નિમિત્તે **તારીખ ૩૦-૧૧-૨૦૧૪ના રોજ રવિવારના દિવસે સવારે ૯.૦૦ થી ૨.૦૦** દરમ્યાન હેલ્થ વોલન્ટરી બ્લડ બેંક (અમદાવાદ)ના સહયોગથી સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

આ શુભ કાર્યમાં રક્તદાન કરીને, અન્યને પ્રેરણા આપીને અને આ આયોજનમાં જોડાઈને સેવા તેમજ સ્વપર કલ્યાણનો લાભ લેવા સૌને ભાવભરી વિનંતી છે.

આ રક્તદાન શિબિરની પૂછપરછ માટે નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી છે : (૧) ડૉ. રાજેશભાઈ સોનેજી - ૦૯૮૨૪૦૪૭૬૨૧, (૨) શ્રી જયંતિભાઈ જોબાલિયા (પુનાવાળા) - ૦૯૪૨૯૭૭૫૫૫૪ અથવા સંસ્થાના કાર્યાલયમાં ૦૭૯-૨૩૨૭૬૨૧૯માં સંપર્ક કરવા વિનંતી.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **સંતકુટિર :** આદ. શ્રી વિદુબેન અશોકભાઈ શાહ, મુંબઈ — રૂા. ૫૧,૦૦૦/-
- **મેડિકલ સેન્ટર :**
  1. આદ. ડૉ. ચુનીભાઈ અને ઈલાબેન શાહ, લોસ એંજલસ — રૂા. ૧૧,૦૦૦/-
  2. આદ. ડૉ. અજીત અને નીરાલી શાહ, લોસ એંજલસ — રૂા. ૬,૦૦૦/-
  3. આદ. શ્રી અજય અને શ્વેતા શાહ, લોસ એંજલસ — રૂા. ૬,૦૦૦/-
  4. આદ. શ્રી ભાનુબેન ડી. શાહ, રાજકોટ — રૂા. ૫,૦૦૦/-
  - આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર અને આદ. શ્રી વીણાબેન ખંધાર તરફથી મેડિકલ સેન્ટરના ડેન્ટલ ડીપાર્ટમેન્ટ માટે ઈન્ટર ડેન્ટર ક્લીનીંગ માટે ઈલેક્ટ્રીક ઈંજેક્ટર (વોટરજેટ) મશીન અને ઈલે. ઈંજેક્ટર પોર્ટેબલ મશીન પ્રાપ્ત થયેલ છે.
  - ઓગસ્ટ માસ દરમિયાન જરૂરતમંદ દર્દીઓના આંખના મોતીયાના બે ઑપરેશન કરવામાં આવ્યા છે.
- **ગુરુકુળ વિભાગ :**
  1. આદ.શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ, અમદાવાદ (કાયમી શુભેચ્છક) — રૂા. ૧,૦૦,૦૦૦
  2. આદ.શ્રી મંજુબેન ધીરુભાઈ ડગલી, વીલેપાર્લે, મુંબઈ — રૂા. ૩૦,૦૦૦

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વ મહોત્સવની આરાધના ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં તા. ૨૨-૦૮-૧૪થી તા. ૨૯-૦૮-૧૪ દરમિયાન

શ્રી પર્યુષણ મહાપર્વની ઉજવણી ધર્મના ઉલ્લાસસભર વાતારણમાં સંપન્ન થઈ. મુંબઈ, પૂના, રાજકોટ, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા જેવા અનેક વિસ્તારોમાંથી પધારીને મુમુક્ષુ ભાઈ-બહેનોએ આરાધનાનો લાભ લીધો હતો. મહોત્સવના સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થા સાથે સક્રિય જોડાયેલ પ્રજ્ઞાવંત, સેવાભાવી સાધક આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય :**

**પૂજ્યશ્રી આત્માનંદજી**એ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૬૦૯ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે મહાપુરુષોએ આત્મકલ્યાણ માટે સત્સંગને મોટું સાધન કહ્યું છે. આધ્યાત્મિક સાધનાને આપણા જીવનનું એક અંગ બનાવવું, જેથી તે આપણો સહજ સ્વભાવ બની જાય. સાધનાનું ધ્યેય નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ છે. વીતરાગનો ધર્મ નિવૃત્તિપરક છે. મિથ્યા આગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ અને ઇન્દ્રિયવિષયોની લોલુપતાનો ત્યાગ થાય ત્યારે સત્સંગ ફળવાન થાય છે. મિથ્યાત્વ એ છુપાઈને આપણને છેતરે છે ! સ્વચ્છંદના ત્યાગ વિના જીવ કલ્યાણના માર્ગને પામી શકે નહિ. ઇન્દ્રિયવિષયો(ની લોલુપતા) ઊધઈની જેમ આપણને કોરી ખાય છે. સાધનાને સતેજ રાખવાં ખૂબ અભ્યાસ અને જાગૃતિની આવશ્યકતા છે. પ્રભુની શરણાગતિ એ અહમ્‌ના નાશનો શ્રેષ્ઠ ઉપાય છે. મહાપુરુષોના ઉપદેશ અનુસાર આપણા જીવનને ઢાળવાનો પ્રયત્ન કરવો. ગમે ત્યારે પણ ભગવાનની આજ્ઞા અનુસાર ચાલીશું તો જ મોક્ષપ્રાપ્તિ થશે. મોક્ષ એટલે પરમ આનંદ-નિર્વિકલ્પ આત્માનુભૂતિ. જ્ઞાનીપુરુષોની વાણીને અંતરમાં કોતરી કાઢવી જોઈએ. સાચી (આત્મિક) શુદ્ધિ દ્વારા સાચી સિદ્ધિ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય છે. આધ્યાત્મિક વિકાસ માટે સમગ્ર જીવનને નિર્મળ બનાવવા પ્રયત્ન કરવો. મનુષ્યભવ બહુ દુર્લભ છે. માટે પોતાના જીવનના ધ્યેયને સંપ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું. જીવનની એક ક્ષણ પણ નકામી ન જાય તેનું ધ્યાન રાખવું. સારા કાર્યો કરવામાં પ્રમાદ ન કરવો. જે પરવસ્તુમાં સુખ માને છે તે મહાઅજ્ઞાની છે. સમ્યક્દૃષ્ટિની જીવન જીવવાની દૃષ્ટિ અને જીવન એટલે 'સમયસાર'. શુભ ભાવ વડે મન વિશુદ્ધ થાય છે. આત્મતત્ત્વને પામવાનું સાધન શુદ્ધોપયોગ છે. માત્ર શુભોપયોગથી સમ્યક્ત્વ ન પ્રગટે અને શુભોપયોગ વિના પણ સમ્યક્ત્વ ન પ્રગટે. તત્ત્વોને હેય-જ્ઞેય-ઉપાદેય રૂપ સમજીને તે અનુસાર વર્તવું તે મોક્ષનો માર્ગ છે. ઉપશમ, વૈરાગ્ય, તત્ત્વઅભ્યાસ, દૃઢ શ્રદ્ધા અને સત્સંગની ઉપાસનાથી સમ્યક્ત્વ થાય છે.

સત્શાસ્ત્રોના ઊંડા અભ્યાસી, મુમુક્ષુવર્ય, મુરબ્બી **આદ. શ્રી ઉત્તમભાઈ શાહે** પરમકૃપાળુદેવના વચનામૃતજીના આધારે સરળ છતાં સચોટ શૈલીમાં સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ક્રિયાઓ કરવાનું પ્રયોજન શું તેનો વિચાર કરવો. શરીર છોડીને આ ભવમાંથી ક્યાં જઈશું તેનો વિચાર કર્યો છે ? જ્યાં સુધી ભીતરથી 'મારાપણું' નહિ મૂકે ત્યાં સુધી કર્મો પીછો નહિ છોડે. ધર્મની વાતો કરવી સહેલી છે, પણ ધર્મને આચરણમાં મૂકવો કઠિન છે. હૃદયને નિર્મળ કરીને જ્ઞાનીની આજ્ઞાને આરાધવી. સ્વચ્છંદ એ મોટો દોષ છે. આત્માને ભૂલીને થતી ક્રિયા તે સ્વચ્છંદ છે. સુખ માટે આપણે પ્રયત્ન કરીએ છીએ છતાં સુખ કેમ મળતું નથી ? સુખ આત્મામાં છે, બીજે શોધવાથી મળશે નહિ. આગમનો સાર શ્રી વચનામૃતજીમાં ભર્યો છે. સંસારના પ્રસંગો અને પ્રકારોમાં જ્યાં સુધી દુઃખ નહિ લાગે ત્યાં સુધી છૂટવાની ઇચ્છા નહિ થાય. પરિગ્રહ એ પાપનું મૂળ છે. વૈરાગ્ય વિના ધર્મની પ્રાપ્તિ થાય નહિ. મનુષ્યભવ અને તેમાં શ્રી સત્‌દેવ-ગુરુ-ધર્મનો યોગ પ્રાપ્ત થયો છે તે ફરી પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે. કર્મસિદ્ધાંતની સૂક્ષ્મ પ્રરૂપણા જૈનદર્શનમાં કરી છે તેવી અન્યત્ર નથી. રાત્રે આહાર કરવો તે માંસાહાર કરવા સમાન છે. જાણવા છતાં પાપભાવ કરે ને પછી દુઃખ આવે તેમાં કોનો વાંક ? બાહ્ય પરિગ્રહ સાથે આવવાનો નથી તો ભેગું કેમ કરો છો ?

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**એ 'ધર્મનું સ્વરૂપ' વિષય અંતર્ગત ધર્મની વ્યાખ્યાઓ, ધર્મનું

મહત્ત્વ, નિશ્ચયધર્મ, ધર્મના પ્રકારો વગેરે બાબતે પ્રકાશ પાડતા જણાવ્યું કે જીવનને ધર્મમય બનાવવાનું છે. આપણે સત્પાત્રતા કેળવવી, જેથી દેવ-ગુરુ-ધર્મની કૃપા અવતરિત થાય. કર્મ કરતાં આત્માની શક્તિ વધારે છે. ચાર મહાવ્રતો અહિંસા મહાવ્રતની રક્ષા માટે છે. પોતાના સ્વરૂપની ભ્રમણા ટાળવી, રાગ-દ્વેષથી રહિત થવું તે નિશ્ચય ધર્મ. આત્માની શુદ્ધિ માટે વૈરાગ્યરૂપી જળની આવશ્યકતા છે. મન - વચન - કાયાથી કોઈને દુઃખ ન આપવું.

**આદ. શ્રી અશોકભાઈ પી. શાહે** શ્રી આનંદઘનજી કૃત શ્રી અજિતનાથ ભગવાનના સ્તવન 'પંથડો નિહાળુ રે...' વિષય અંતર્ગત શ્રી આનંદઘનજીની પ્રભુપ્રેમની મસ્તી, મૂળ માર્ગને જાણવાની જિજ્ઞાસા, પંચમકાળમાં પ્રભુપંથે ચાલવામાં આવતા વિઘ્નો, તેના નિવારણના ઉપાયો, સદ્‌ગુરુનું મહત્ત્વ વગેરે મુદ્દાઓ પર ભાર મૂકતા જણાવ્યું કે ભગવાનનો પંથ પ્રાપ્ત કરવાની આપણને વ્યાકુળતા થવી જોઈએ. ભગવાનનો પંથડો નિહાળીને આગળ ચાલતા રહેવાનું છે. મોક્ષમાર્ગનો પંથડો નિહાળવા સદ્‌ગુરુરૂપી ભોમિયાની જરૂર પડે છે. શ્રી તીર્થંકર મોક્ષમાર્ગ બનાવતા નથી પણ માર્ગની પ્રરૂપણા કરે છે. સદ્‌ગુરુની અંતરદૃષ્ટિથી ઓળખાણ કરવી. કષાયથી મુક્ત થવામાં મુક્તિ છે. મતમતાંતર, દુરાગ્રહ, કદાગ્રહમાં ન પડતાં શ્રી વીતરાગે કહેલા મૂળમાર્ગને જાણીને અનુસરવું.

**આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધારે** 'શ્રી ભક્તામર સ્તોત્ર' વિષય અંતર્ગત ભક્તામર સ્તોત્રની રચનાનો ઈતિહાસ, સ્તોત્રનું મહત્ત્વ, ભગવાનના અચિંત્ય ગુણો, ૮ પ્રાતિહાર્યો, ૩૪ અતિશયો, સર્વજ્ઞની મહત્તા, ભગવાનની શરણાગતિથી વિવિધ પ્રકારના ભયોનું થતું નિવારણ, વિશુદ્ધ ભાવથી પ્રભુસ્મરણ કરવાથી સંસારમુક્તિ વગેરે મુદ્દાઓનું હૃદયસ્પર્શી વર્ણન કર્યું હતું. ભક્તામરની વિવિધ ગાથાઓનો ભક્તિસભર અર્થ સમજાવતા શ્રી મહેન્દ્રભાઈએ જણાવ્યું કે શ્રી ભક્તામર સ્તોત્ર ભક્તને અમર બનાવી દે તેમ છે. ૩૮ દૃષ્ટાંતો સહિતનું આ સ્તોત્ર સાહિત્ય, છંદ, અલંકારની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે.

**આદ. શ્રી પ્રવીણભાઈ વી. મહેતા**એ 'મુમુક્ષુતા' વિષય અંતર્ગત સાચી મુમુક્ષુતા, તેનું માહાત્મ્ય, યથાર્થ બોધ, મુમુક્ષુનું આત્મજ્ઞાનપ્રાપ્તિનું લક્ષ્ય, મુમુક્ષુતાના ચાર સોપાન, સત્‌ધર્મનું મહત્ત્વ, મુમુક્ષુતાની પ્રાપ્તિમાં આવતા વિઘ્નો, મુમુક્ષુતાની ભૂમિકા, સદ્‌ગુરુનું માહાત્મ્ય, કષાયની ઉપશાંતતાના લક્ષણો, વૈરાગ્ય, પ્રાણીદયા વગેરે મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. ચિંતનાત્મક અને રસપ્રદ શૈલીમાં સ્વાધ્યાય આપતા શ્રી પ્રવીણભાઈએ જણાવ્યું કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ મોક્ષને વિશે યત્ન કરવો તે મુમુક્ષુતા. 'મોહ' શબ્દ દર્શનમોહનીય અને 'આસક્તિ' શબ્દ ચારિત્રમોહનીયનો સૂચક છે. બંધનનો યથાર્થ બોધ નહિ પરિણમે ત્યાં સુધી છૂટવાનો પ્રયત્ન નહિ થાય. મારા બંધનનું કારણ વાસનાઓ, ઈચ્છાઓ, ક્રોધાદિ ભાવો છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે મુમુક્ષુતા અનિવાર્ય છે. મુમુક્ષુ હોય તેને સંસારથી થાક લાગે અને ઇન્દ્રિયોના વિષયોથી વિમુખ થઈ સ્વરૂપપ્રાપ્તિની જિજ્ઞાસા જાગે. મુમુક્ષુતાના ચાર સ્ટેપ - બહિર્મુખ → અભિમુખ → સન્મુખ → અંતર્મુખ. ભાવોની વિશુદ્ધિ થાય તે સાધનાનું ફળ છે. સાચો ધર્મ અંતરંગ પરિવર્તનરૂપ છે. ધર્મ એ કસોટીના સમયે આર્ત્ત-રૌદ્ર ધ્યાન ન થવા દે. સ્વરૂપપ્રાપ્તિ માટે સદ્‌ગુરુનો આશ્રય અને સત્પાત્રતા જરૂરી છે. સ્વ સ્વરૂપમાં (આત્મામાં) જ સાચા સુખ, શાંતિ અને આનંદ છે.

**બા.બ્ર. આદ. શ્રી સુરેશજી**એ 'શ્રી તત્ત્વાર્થસૂત્ર' અધ્યાય-૬ના આધારે આસ્રવ, આસ્રવના કારણો, યોગ, પાંચ પ્રકારના શરીર, વચનયોગ, દ્રવ્યમન, ભાવમન, શુભયોગ, અશુભ યોગ, સરળતા, ૧૪ પ્રકારના અસત્ય વચનો, પાપ-પુણ્ય, આસ્રવના પ્રકારો - ભેદ, સામાયિક, મિથ્યાત્વ, જીવ-અજીવ અધિકરણ, જ્ઞાનાવરણીય

તથા દર્શનાવરણીય કર્મબંધના કારણો વગેરે બાબતે તત્ત્વલક્ષી સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પ્રયોજનભૂત જ્ઞાન (સાત તત્ત્વનું જ્ઞાન) ને જાણો. કર્મનો આસ્રવ રોકવા માટે તેના કારણો જાણવાં જરૂરી છે. ઇચ્છા એ કષાય છે. આત્મા જ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપી છે. દ્રવ્યમનના માધ્યમથી વિકલ્પો બહાર આવે છે. રાગ-દ્વેષરૂપી કષાયોથી આત્મારૂપી ગોળો તપ્ત થાય છે, જે કર્મોને પોતાની તરફ ખેંચે છે. વ્રત-સંયમી પ્રત્યે અંતરથી અહોભાવ ન હોય તે જીવ કદી વ્રતો લઈ શકતો નથી. આકુળ-વ્યાકુળ વ્યક્તિ યત્ના ન રાખી શકે. કોઈ પણ પ્રકારના પાપની અનુમોદના ન કરો. ધર્મબુદ્ધિથી અધર્મક્રિયા કરવી તે મિથ્યાત્વ.

**બા.બ્ર.આદ. શ્રી અલકાબેને** 'દેવપૂજા' વિષય અંતર્ગત દેવપૂજાનું મહત્ત્વ, અભિષેક-પૂજાની વિધિ, ભાવશુદ્ધિનું મહત્ત્વ, અષ્ટદ્રવ્યોથી થતી પૂજાનું પારમાર્થિક મહત્ત્વ, પંચકલ્યાણકો, પૂજાના અંગો વગેરે બાબતે ભાવ-ભક્તિસભર શૈલીમાં જણાવ્યું કે મહાપુરુષોના આચરણનું અનુસરણ કરવું. દેવ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ એટલે દેવપૂજા. પાપકર્મોના પ્રક્ષાલન માટે, પરમાત્માના ગુણોની સ્મૃતિ અર્થે તથા વીતરાગતા અને સ્વ-સ્વરૂપની સ્મૃતિ અને પ્રાપ્તિ અર્થે પૂજા કરવાની છે. અભિપ્રાય નિર્મળ ન હોય તો પરિણામ નિર્મળ ન રહે. પૂજા માટે મન-વચન-કાયાની શુદ્ધિ જરૂરી છે. પ્રભુના આશ્રયના અવલંબન દ્વારા સ્વાશ્રય પ્રાપ્ત કરવાનો છે. પૂજાની ક્રિયા દ્વારા ભાવશુદ્ધિનો લક્ષ રાખવો.

**● ભક્તિસંગીત :**

પર્વ દરમિયાન સાધક-ભક્તવૃંદ કોબા તથા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આજ્ઞાનુવર્તી સંતોએ ભાવવાહી ભક્તિસંગીત પીરસ્યુ હતું.

**● ધ્યાનનો અભ્યાસ :**

મહાપર્વ દરમિયાન પ્રાતઃકાળે ૩૦ મિનિટ ધ્યાનના અભ્યાસનું આદ. શ્રી અશોકભાઈ પી. શાહે સી.ડી.ના માધ્યમથી સંચાલન કર્યું હતું; જેમાં 'ઉદાસોઽહમ્-દાસોઽહમ-સોઽહમ્-અહમ્' તેમજ 'સહજાત્મ સ્વરૂપ પરમગુરુ' મંત્રના અવલંબનથી તથા પૂજ્યશ્રી રાકેશભાઈએ કરાવેલ ધ્યાનપ્રયોગ 'જ્યોતિશિખા' અને 'મૃત્યુમાં પ્રવેશ'ના માધ્યમથી કરાવેલ ધ્યાનાભ્યાસનો સૌએ લાભ લીધો હતો.

**● ભગવાન મહાવીર જીવનચરિત્ર :**

તા. ૨૯-૦૮-૧૪ના રાત્રે બા.બ્ર.આદ. શ્રી સુરેશજીએ ભગવાન મહાવીરના જીવનચરિત્રને રસપ્રદ શૈલીમાં ભક્તિસભર અસરકારક રીતે રજૂઆત કરી હતી; જેમાં ભગવાન મહાવીરના પૂર્વભવો, આધ્યાત્મિક દૃષ્ટિએ ભગવાનનું જીવન, જન્મકલ્યાણક, આવેલા ઉપસર્ગોને સમભાવથી વેદવાં, ચંદનબાળા-ચંડકોશિયા જેવા અનેક જીવોનું આત્મકલ્યાણ, ભગવાનની અંતરંગ સાધના, કેવળજ્ઞાનની પ્રાપ્તિ, ગણધર ગૌતમ- સ્વામી, નિર્વાણ મહોત્સવ વગેરે બાબતો વણી લીધી હતી. રજૂઆત એવી અસરકારક હતી કે બે કલાક ઉપરાંતનો સમય વીતવા છતાં કોઈને કંટાળો કે થાક વર્તાતો નહોતો !

**● પુસ્તક વિમોચન :**

સંસ્થા પ્રકાશિત '**जिनअर्चना**' પુસ્તકનું વિમોચન તા. ૨૪-૦૮-૧૪ના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પુસ્તકમાં જિનાભિષેક, જિનપૂજા, સ્તુતિ, સ્તોત્ર આદિનો સંગ્રહ છે. આ પુસ્તકના પ્રકાશનનો સંપૂર્ણ આર્થિક સહયોગ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ ટ્રસ્ટ', અમદાવાદ (હસ્તે : બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહ) તરફથી પ્રાપ્ત થયેલ છે. આ જ્ઞાનદાનની સંસ્થા સાભાર અનુમોદના કરે છે. આદ.

શ્રી બીનાબેન સોમાણી તરફથી કુટુંબદીઠ પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી.

સંસ્થા પ્રકાશિત દિવાળી પુસ્તિકા **'જીવનમાધુર્ય'**નું વિમોચન, તા. ૨૪-૦૮-૧૪ના દિવસે આદ. શ્રી ઉત્તમભાઈ શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું. સંસ્થા સાથે સક્રિય સંકળાયેલ આદ. શ્રી જીવણકાકા તરફથી કુટુંબદીઠ પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી.

સંસ્થા પ્રકાશિત **'ભક્તિમાર્ગના વીસ દોહરા'**ની દ્વિતીય આવૃત્તિનું વિમોચન પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આજ્ઞાનુવર્તી શિષ્યો પૂજ્ય પ્રેમવદનજી સ્વામી તથા પૂજ્યશ્રી શુભકીર્તનજીસ્વામીના વરદ હસ્તે તા. ૨૭-૮-૧૪ના રોજ કરવામાં આવ્યું. એક મુમુક્ષુ બહેન, (અમદાવાદ) તરફથી કુટુંબદીઠ પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી.

**● ક્વીઝ :**

તા. ૨૩-૮-૧૪ના રાત્રે સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'ના બાળકોની ક્વીઝ યોજવામાં આવી હતી. દેશભક્તો અને સમાજસેવકોના જીવનચરિત્ર પર આધારિત આ ક્વીઝનું આયોજન શ્રી મિતેશભાઈ શાહે કર્યું હતું. કાર્યક્રમ સંચાલનમાં બા.બ્ર.આદ. શ્રી જનકબેન, આદ. શ્રી ઈલાબેન ડેલીવાળા, બા.બ્ર.શ્રી સુરેખાબેન શેઠનો સહયોગ સાંપડ્યો હતો. વિદ્યાર્થીઓની સુંદર રજૂઆતથી પ્રસન્ન થઈ મુમુક્ષુ ભાઈ-બહેનોએ વિદ્યાર્થીઓ માટે રૂા. ૨૦,૦૦૦/- ઈનામ સ્વરૂપે આપ્યા હતા. ક્વીઝમાં સરળતા ગ્રુપ વિજેતા બન્યું હતું : - (૧) મેર રાહુલ (૨) પારગી પ્રતીક (૩) પટેલ સચિન.

**● સાંસ્કૃતિક કાર્યક્રમો :**

તા. ૨૮-૮-૧૪ના રાત્રે આદ. શ્રી શરદભાઈ ડેલીવાલા, આદ. શ્રી શરદભાઈ જશવાણી, આદ. શ્રી ઈલાબેન ડેલીવાલા, આદ. શ્રી બિપીનભાઈ તથા મીનાબેન મણિયાર, આદ. શ્રી જયેશભાઈ શાહ, ગૃહપતિશ્રી નરેશભાઈ તથા બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા; જેમાં વૈરાગ્ય ભાવનાઓ, ભગવાનનું અસ્તિત્વ, ધર્મને નામે સમાજમાં ચાલતા ધતિંગો, નવી તથા જૂની પેઢીની સમસ્યાના ઉકેલો, હાસ્યરસ, ડાયરો વગેરે વિષયોનો સમાવેશ થતો હતો. આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર તથા બા. બ્ર. આદ. શ્રી સુરેશજીએ દરેક કાર્યક્રમનું વિવેચન/સમજૂતી આપી હતી.

**● તપશ્ચર્યા :**

'तपसा निर्जरा च ।' તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. મહાપર્વ દરમિયાન કર્મક્ષયાર્થે નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ તપની આરાધના કરી હતી :

| | |
|---|---|
| (૧) આદ. શ્રી સુરેશભાઈ (કર્મચારીશ્રી) | ૮ ઉપવાસ |
| (૨) આદ. શ્રી મંગળાબેન શેઠ | ૫ ઉપવાસ |
| (૩) આદ. શ્રી પદ્મકુમાર જૈન | ૫ ઉપવાસ |
| (૪) આદ. શ્રી મીનાબેન અનિલભાઈ મહેતા | ૫ ઉપવાસ |
| (૫) આદ. શ્રી સંગીતાબેન હરીશભાઈ ચૌધરી | ૩ ઉપવાસ |
| (૬) આદ. શ્રી દેવજીભાઈ બી. પટેલ (ગલોડિયા, તા. ખેડબ્રહ્મા) | ૩ ઉપવાસ |

આ ઉપરાંત શક્તિ અનુસાર વિવિધ તપની આરાધના મુમુક્ષુઓએ કરી હતી. પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે તપસ્વીઓના પારણા કરવામાં આવ્યા. આદ. શ્રી દેવજીભાઈ પટેલે તપની આરાધના નિમિત્તે પાંચ મણ મકાઈ પક્ષીઓના ચણ માટે આપેલ છે. સર્વે તપસ્વી ભાઈ-બહેનોની 'દિવ્યધ્વનિ' પરિવાર અનુમોદના કરે છે.


● **પ્રકીર્ણ :**

મહાપર્વ દરમિયાન સંસ્થાના પ્રકાશનો, 'દિવ્યધ્વનિ' માસિક, વી.સી.ડી., ડી.વી.ડી. પર ૫૦ % ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. તા. ૨૬-૮-૧૪ના રોજ આદ.શ્રી મધુબેન રમણિકલાલ શેઠ પરિવાર, હસ્તે : આદ. શ્રી મુકેશભાઈ શેઠ, અમદાવાદ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. આદ. શ્રી ઉત્તમભાઈ શાહના તા. ૧૭-૮-૧૪ના જન્મદિન નિમિત્તે સંસ્થા દ્વારા તેઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આદ.શ્રી અરવિંદભાઈ કારાણી તથા આદ.શ્રી ઈલાબેન ડેલીવાળા તરફથી ભક્તિસંગીતની સી.ડી.ની પ્રભાવના કરવામાં આવી હતી. અંતે સાંવત્સરિક પ્રતિક્રમણ કરી સૌએ એકબીજાને 'મિચ્છા મિ દુક્કડમ્' પાઠવ્યા હતા.

## વૈરાગ્ય સમાચાર



**[૧] રાજકોટ :** આપણી સંસ્થામાં રહીને સાધના કરતા આદ. મુક્તાબેન મહેતાના નાના બહેન**શ્રી મધુબેન રસિકલાલ શેઠ**નું તા. ૫-૮-૨૦૧૪ના રોજ ૭૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓએ સરળતા, ઉદારતા, કુટુંબપ્રેમ, ધર્મપ્રેમ, શાંતસ્વભાવ જેવા અનેક સદ્‌ગુણોરૂપી જળથી પોતાની જીવનરૂપી લતાને નવપલ્લવિત રાખી હતી. તેઓ અવારનવાર આપણી સંસ્થામાં પધારીને સત્સંગનો લાભ લેતા હતા. તેઓ નિયમિતપણે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ કરતા હતા. ગરીબો પ્રત્યે કરુણા એ તેમના વ્યક્તિત્વની નોંધપાત્ર વિશેષતા હતી. તેઓશ્રી પોતાના સંતાનોને સંસ્કારોનો વારસો સોંપતા ગયા છે. આદ. મુક્તાબા સાથે તેઓને ધર્મભાવનાને કારણે વિશેષ લાગણી હતી. સદ્‌ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] અમદાવાદ :** આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા મુમુક્ષુ આદ. શ્રી જોઈતારામભાઈ ટી. પરમારના ધર્મપત્ની **શ્રી મણીબેન(સુમિત્રાબેન)**નું તા. ૧૦-૮-૨૦૧૪ના રોજ મગજની ગાંઠની બીમારીને કારણે આત્મસ્મરણપૂર્વક દેહાવસાન થયું છે. તેઓ અવારનવાર આપણી સંસ્થામાં પધારીને સત્સંગ-ભક્તિનો લાભ લેતા હતા. તેઓને પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અત્યંત અહોભાવ હતો. તેઓશ્રીએ સમર્પણભાવ, સેવા, પ્રેમ, સમતા, ઉદારતા, વડીલો પ્રત્યે આદર જેવા અનેક સદ્‌ગુણોથી પોતાના જીવનને સુશોભિત બનાવ્યું હતું. તેઓ જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને આદરભાવ ધરાવતા હતા. તેઓશ્રીએ આપણી સંસ્થાના રાજમંદિરના મંગલ ઉદ્‌ઘાટન પ્રસંગે તાંબાના કળશ-શ્રીફળ સાથે પૂજાવિધિમાં ભાગ લીધો હતો. તેઓની પ્રાર્થનાસભામાં પૂજ્ય બહેનશ્રી, આદ. શ્રી અરુણભાઈ બગડિયા સહિત મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલી અર્પી હતી. સદ્‌ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**[૩] અમદાવાદ :** આપણી સંસ્થામાં રહેતા સેવાભાવી અને સરળ હૃદયના આદ. શ્રી સંગીતાબેન હરીશભાઈ ચૌધરીના **માતુશ્રી કુસુમબેન દિલીપસિંહ બારિયા**નું તા. ૬-૮-૨૦૧૪ના રોજ ૬૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓએ દેહાવસાનના અગાઉ ગાયત્રીપાઠના અધ્યાય તથા અગિયારસ કરેલ તેમજ શ્રી નવકારમંત્રના જાપ પણ કર્યા હતા. તેઓ નિખાલસ અને ધર્મપ્રેમી હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# ‘દિવ્યધ્વનિ’ના આજીવન સભ્યોને નમ્ર વિનંતી

છેલ્લાં કેટલાય વર્ષોથી ‘દિવ્યધ્વનિ’ માસિકના ખર્ચમાં ખાધ પડી રહી છે. ફક્ત રૂા. ૭૫૦/-માં ‘દિવ્યધ્વનિ’નું આજીવન લવાજમ સ્વીકારવામાં આવતું હતું. આમાં માસિક આર્થિક સહાય લીધા પછી પણ ખાધ ચાલુ રહેવાથી આજીવન લવાજમ રૂા. ૭૫૦/- થી વધારીને રૂા. ૨૦૦૦/- કરવામાં આવ્યું છે.

‘દિવ્યધ્વનિ’ના આજીવન સભ્યોને નમ્ર વિનંતી છે કે જો આપ સ્વેચ્છાએ તફાવતની રકમ રૂા. ૧૨૫૦/- સંસ્થાના નામે મોકલશો તો ‘દિવ્યધ્વનિ’ના પ્રકાશનમાં ઘણી સહાયતા મળશે.

આ નિવેદન એક નમ્ર વિનંતીરૂપે ગણશો. આ બાબતે કોઈપણ જાતનો આગ્રહ નથી, પણ આ સહાયથી આપ એક ઉમદા કાર્ય કરવામાં સહકારી બનશો એવી ભાવના છે.

આ માટે નીચેનું ફોર્મ ભરી રકમ મોકલવા વિનંતી.

## ‘દિવ્યધ્વનિ’ આજીવન સભ્ય

**(તફાવતની રકમ માટેનું ફોર્મ)**

નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________

દિવ્યધ્વનિ આજીવન સભ્ય નં. : ____________________

ઈમેઈલ : ____________________

મોબાઈલ : ____________ ફોન : ____________

રકમ રૂા. ____________ ચેક નં. ____________ તારીખ ____________


બેંકનું નામ : ____________ શાખા : ____________

## સંસ્થા પ્રકાશિત 'જિનઅર્ચના' પુસ્તકના વિમોચનની વેળાએ (તા. ૨૭-૮-૨૦૧૪)




## સંસ્થા પ્રકાશિત 'ભક્તિમાર્ગના વીસ દોહરા'ની દ્વિતીય આવૃત્તિના વિમોચન વેળાએ (તા. ૨૪-૮-૧૪)






## ગુરુકુળના બાળકોની 'ક્વીઝ' વેળાએ (તા. ૨૩-૮-૨૦૧૪)






## સાંસ્કૃતિક કાર્યક્રમોની તસવીરો (તા. ૨૮-૮-૨૦૧૪)







## તપસ્વીઓના પારણાની વેળાએ (તા. ૩૦-૮-૧૪)




**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014**
**Publication Date 15th of every month**

## સંસ્થા પ્રકાશિત દિવાળી પુસ્તિકા 'જીવન-માધુર્ય'નું વિમોચન કરતાં આદ. શ્રી ઉત્તમભાઈ શાહ

(તા. ૨૪-૮-૨૦૧૪)






### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

❶ ચિ. ધ્રુવીબેન ભાવેશભાઈ દોશીના તા. ૨૬-૨-૨૦૧૪ના જન્મદિન નિમિત્તે
હસ્તે : આદ. શ્રી ભાવેશભાઈ સુમતિચંદ્ર દોશી, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

---

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

❷ સ્વ. પ્રવીણચંદ્ર મોહનલાલ સંઘવીના આત્મશ્રેયાર્થે
હસ્તે : આદ. શ્રી શાંતાબેન પ્રવીણચંદ્ર સંઘવી, મુંબઈ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah